
# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૫ અંક : ૫૯ માર્ચ-૨૦૧૨



**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

## અ નુ ક્ર મ ણિ કા

| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | પ્રાતઃ પૂજા | ૦૪ |
| ૦૪. | પ.પૂ. ૧૦૮ લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઉવારસદ ગામમાં પ્રથમ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | ૦૬ |
| ૦૫. | સહજતા, સરળતા, ભોળપણ | ૦૮ |
| ૦૬. | હૈયાના હાર | ૦૯ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી..... | ૧૧ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૩ |
| ૦૯. | ભક્તિ સુધા | ૧૫ |
| ૧૦. | પ્રશ્ન પેટી | ૧૯ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૦ |

# ॥ અસ્મદીયમ્ ॥

ઋતુનો રાજા શિયાળો પુરુ થતા ગરમીનો અહેસાસ થવા લાગ્યો છે. પાનખરનું આગમન થઈ ચૂક્યું છે. ધીરે ધીરે વૃક્ષો પર નવી કૂંપણો ફૂટશે અને વૃક્ષો અને ફુલો ખીલી ઉઠશે. ઋતુનું ચક્ર જેમ બદલાય છે તેમ આપણા જીવનનું પણ છે. બાળપણ, યુવાવસ્થા અને ઘડપણ, બાળપણ અને યુવાની જલ્દી પસાર થઈ જાય છે. પણ વૃધ્ધાવસ્થા ખૂબજ પીડાદાયક અને લાંબી ચાલે છે. શરીર સ્વાસ્થ્ય સારું હોય ત્યાં સુધી તો બધું બરાબર ચાલે છે પણ જ્યારે સ્વાસ્થ્ય બગડે છે ત્યારે જીવન કષ્ટદાયક લાગે છે. આ બધી દેહની પ્રક્રિયા છે. જે પરિવાર સંસ્કારી અને ધાર્મિક હોય ત્યાં વડીલોની સેવા ચાકરી સારી થતી હોય છે. પણ જે કુટુંબમાં સંસ્કાર ન હોય, ધર્મ ન હોય, વિવેક, લાગણી, સંપ અને પ્રેમ ન હોય ત્યાં વેરઝેર, કલહ, કુસંપ અને ઝઘડાઓ થયા કરે છે ત્યાં શાંતિ કે સુખ જોવા મળતું નથી.

શાંતિ અને સુખનો શ્રેષ્ઠ માર્ગ આપણે જાણીએ છીએ છતાં તેનું પાલન કરતા નથી. જેથી દુઃખ ભોગવવાનો સમય આવે છે. આપણો તો જન્મ શ્રેષ્ઠ સંપ્રદાય, સર્વોપરિ સંપ્રદાયમાં થયો છે. આવા સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણને મળ્યા છે. ૮૪ લાખ યોનિમાં ફરીને આવો અમૂલ્ય માનવ દેહ મળ્યો છે અને તે પણ ભગવાન ભજવામાં કામ ન આવે તો ફરી એજ ચક્ર ચાલું રહેવાનું ! માટે આ જીવના કલ્યાણ અને મોક્ષ માટે સર્વોપરિ શ્રીસ્વામિનારાયણ ભગવાનને ભજી લેવા. આપણને તો મહારાજે પધરાવેલા દેવ, મંદિર, ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી અને ધર્મકુળ આશ્રિત સંતો-હરિભક્તોનો આવો જોગ મળ્યો છે. માટે આપણું તો સહેજે સહેજે કલ્યાણ થવાનું છે.

ચૈત્ર માસની સુદ રામનવમીએ આપણા ઈષ્ટદેવનો પ્રાકટ્યોત્સવ, શ્રી રામ જન્મોત્સવ અને ચૈત્રવદ ત્રીજના આપણા મોટા મહારાજશ્રીનો જન્મોત્સવ આદિ ઉત્સવો ધામધૂમપૂર્વક ઉજવાશે. જેનું સ્મરણ આપણા હૃદયમાં કાયમ રહેશે તો ગમે તેવા જીવને પણ અંતકાળે આવા દર્શનની સ્મૃતિ થશે તો તેનું કલ્યાણ થવાનું છે. માટે ભગવાન ભજી લેવા તેથી વિશેષ કાંઈ નથી.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ફેબ્રુઆરી-૨૦૧૨)



૫. શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર મોખાસણ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૭. પ.ભ. ગાંડાલાલ પટેલને ત્યાં પધરામણી, ઘાટલોડીયા.
૮. શ્રી સ્વામિનારાયણ મંદિર બાપુપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલ (સ્કીમ કમિટી સભ્યશ્રી) ને ત્યાં પધરામણી, રાંધેજા.
૯. શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર વિહાર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૪-૧૫. હિરાપર (કચ્છ) પધરામણી.
૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર બારેજા (જેતલપુરદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૮. પ.ભ. રાઓલ રાજેન્દ્રસિંહ અભેસિંહને ત્યાં પધરામણી, ઘોડાસર.
૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર ભાણપુર (વિજાપુર) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૦. શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા કથા-પારાયણ પ્રસંગે પધરામણી.
૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પારાયણ પ્રસંગે પધરામણી.
૨૨ થી ૨૩. ભુજ (કચ્છ) પધરામણી.
૨૪. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ મહાભિષેક પોતાના વરદ્ હસ્તે વિધિવત ધામધૂમથી સંપન્ન થયો.
૨૫. સૂર્યનગર શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું - મૂળીદેશ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
બપોરે અંજાર (કચ્છ) પધરામણી.
૨૭. અંજાર (કચ્છ) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી.
૨૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યારા (મૂળી દેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૯. શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (ડાભી) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે નવુ એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**

# પ્રાત: પૂજા

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ઈષ્ટદેવ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુએ શાસ્ત્રોમાં નિર્દેશ કરેલ પ્રાતઃ સંધ્યાની પૂજા વિધિનો સરલ સામાન્ય માનવીને કરી શકાય તેવા પ્રકારે પ્રાતઃપૂજા વિધિ શિક્ષાપત્રી શ્લોક નં. ૪૯ થી ૫૪ માં તથા સ્વમુખે કહેલ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ-૪૮ માં આજના પ્રવૃતિશીલ કર્મયોગી સત્સંગી માત્રને શક્ય થાય તેવી રીતે પૂજા પદ્ધતિ જણાવવામાં આવેલ છે. જે માત્ર ૨૦ મિનિટ થી એક કલાકના યથાશક્તિ યથા સમય શ્રધ્ધાને અનુરુપ થઈ શકે છે. પૂજાવિધિમાં પોતાની રુચી અનુસાર સંક્ષેપ કે વિસ્તાર કરી શકાય પણ પદ્ધતિ કે ક્રમમાં મન કલ્પિત ફેરફાર કરી શકાતા નથી. જેમ રસોઈ બનાવવામાં ખાંડ ઘી મસાલાનો જે ક્રમ હોય તેનાથી વિપરિત કરવા જતાં કાંઈને બદલે કાંઈ બની જતું હોય છે. એમ પૂજા વિધિના ક્રમ અને રીત યથા વિધિ કરવી જોઈએ.

બ્રાહ્મમૂહુર્ત સૂર્યોદયથી પૂર્વ સ્નાનાદિક ક્રિયા કરીને ધોયેલુ એક વસ્ત્ર પહેરવું અને એક ઓઢવું. માત્ર એક વસ્ત્ર અધોવસ્ત્ર ધોતી માત્ર પહેરીને ન ચાલે ઉપરનું વસ્ત્ર જોઈએજ. જો સૂતરાઉ હોય તો રોજ ધોવુ પડે અને ઉન અથવા રેશમી હોય તો ભોજન કરવામાં ઉપયોગમાં લીધા બાદ ધોવું.

ઘરમાં પાણીના છાંટણા નાખી સફાઈ કરીને શુદ્ધ આસન પર ઉતરાભિમુખ અથવા પૂર્વાભિમુખ બેસવું. પોતાને બેસવાનું આસન અને ભગવાનને પધરાવવાનું આસન એક બીજાને અડકેલ ન રાખવું. એટલે કે સળંગ આસન ન રાખવું. ઉભા રહીને પૂજા ન કરવી. ત્યાર પછી આચમન ત્રણવાર કરવું. જમણા હાથમાં જળ લઈ ડાબો હાથ નીચે રાખીને બીજો હાથ ઢીચળની વચમાં રાખી આચમન કરવું. ત્યારપછી પુરુષોએ ઉર્ધ્વપુણ્ડ્ર તિલક અને વચમાં ગોળ ચાંદલો કરવો. તિલક ચંદન અથવા માટીનું અને ચાંદલો ચંદન અથવા કંકુનો કરવો તથા હૃદય અને બન્ને બાહુપર અનિરુદ્ધ પ્રધ્યુમન અને સંકર્ષણનું નામ લઈને તિલક કરવું. શિક્ષાપત્રી ભાષ્યમાં શતાનંદ સ્વામીએ તિલક કરવા માટે અનામિકા આંગળીના અગ્રભાગથી ચાંદલાની વચમાં જગ્યા રાખી ઉભું તિલક કરવાનું કહ્યું છે. જે ભગવાનના બે ચરણોની ભાવનાનું પ્રતિક છે.

સધવા સ્ત્રીઓએ માત્ર ચાંદલો કરવો અને વિધવાએ એકપણ ન કરવું. ત્યારબાદ માનસી પૂજા કરવી. એ પણ શિયાળો-ઉનાળો, ચોમાસુમાં અલગ અલગ કરવી. ભગવાનની સ્નાન-વસ્ત્ર અલંકાર, ચંદન, ધૂપ, દીપ, નૈવેદ્ય, આસન આદિ માનસિક કલ્પનાઓથી ગદ્‌ગદ્‌ થઈને કરવી. અને ભગવાનના આસન પર મૂર્તિઓ પધરાવી આવાહન કરવું. મૂર્તિયોમાં (૧) ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ (૨) શ્રી નરનારાયણદેવ (૩) શ્રીરાધાકૃષ્ણ આ ત્રણ સ્વરૂપ તો અવશ્ય રાખવાં. કારણ કે અષ્ટાક્ષરમંત્ર જે મંત્ર ગુરુ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીએ મંત્રદીક્ષા વખતે આપવામાં આવેલ શરણ મંત્ર ''શ્રીકૃષ્ણ ત્વં ગર્તિમમઃ'' અથવા મહાદીક્ષા લીધેલ હોય તેને ''બ્રહ્માંડહં કૃષ્ણ દાસોઽસ્મિ'' આ અષ્ટાક્ષર મંત્રનો અવશ્ય યથાશક્તિ યથા સમય એક માળાથી માંડીને જેટલી થાય એટલો જપ કરવો. મોટા ભાગે સત્સંગીઓ પોતાની ઈચ્છાનુંસાર ગમે તે મંત્રનો જપ કરતા હોય છે. પણ શિક્ષાપત્રીમાં શ્રીહરિની આજ્ઞા તો પ્રાતઃ પૂજામાં અષ્ટાક્ષર મંત્ર એટલે કે ગુરુ મંત્રનો જ જપ કરવાની આજ્ઞા કરી છે. ''સ્વામિનારાયણ'' ષડાક્ષરી મંત્ર છે તેનો જપ પણ કરી શકાય છે. પણ અષ્ટાક્ષરી ગુરુનો જપ કર્યા પછી જ કરી શકાય. તે માટે રાધાકૃષ્ણની ચિત્ર પ્રતિમા પૂજામાં અવશ્ય હોવી જોઈએ. મૂર્તિ અને મંત્રમાં પોતાની કલ્પના તે કાલ્પનિક કહેવાય છે .અને શ્રીહરિના વચનાનુંસાર કરવું એ સત્સંગીનો ધર્મ છે. વચનામૃત ગ.પ્ર. ૪૮ માં સ્વમુખે શ્રીહરિ કહે છે કે, હરિભક્ત માત્રને પ્રાતઃ કાળમાં સ્નાન કરીને શ્રી નરનારાયણદેવની પૂજા કરવી પછી ચાર પ્રદક્ષિણા કરવી અને પાંચ સાષ્ટાંગ દંડવત્‌ પ્રણામ કરવા તે સમયે ''વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા'' એ સ્તુતિ બોલીને પછી ભગવાન પાસે માગવુ જે હે મહારાજ ! અમારી કુસંગ થકી રક્ષા કરજો તથા હે

મહારાજ ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા, દેહાભિમાન એ આદિક અંતઃશત્રુ થકી રક્ષા કરજો. અને નિત્ય તમારા ભક્તનો સમાગમ દેજો એમ પ્રાર્થના કરવી.

ત્યારપછી શિક્ષાપત્રીના યથા શક્તિ શ્લોક વાંચન કરવું ને એક સ્તોત્રનો પાઠ કરવો. જેમકે જનમંગલ સ્તોત્ર અથવા કોઈપણ એક સ્તોત્રનો પાઠ કરવો. પૂજાના અંતમાં મૂર્તિઓનું હૃદયમાં વિસર્જન કરવાની ભાવના કરવી. બસ શ્રીહરિએ જણાવેલ આટલી જ પૂજા વિધિ છે. જો શ્રધ્ધા હોય તો વિસ્તાર થઈ શકે છે. પણ સત્સંગીઓએ પૂજા તો અવશ્ય કરવી. પ્રાતઃકાળમાં પૂજા ન કરે તો તેને સત્સંગી કેમ કહેવો. દુનિયા માત્રની પંચાયત કે મજુરી કરતો હોય પણ પંદર મિનિટ પૂજા ન થાય તો ધિક્કાર છે તેને, આવો અવસર મળ્યો અને પૂજા ન કરી શકે તો ફરી ક્યાં તેને અવસર મળવાનો છે ? પૂજા વડે જ ઈષ્ટદેવની પ્રસન્નતા મળે છે. પેટને માટે આખો દિવસ તો આત્માને માટે અડધો કલાક પણ નહિ ? જેનાથી પૂજા થઈ ના શકે તો જાણવું કે તેની પૂજા સ્વીકારવા ભગવાન તૈયાર નથી.

પૂજાની મૂર્તિયો ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીએ આપી હોય તેની પૂજા કરવી. આપણા સંપ્રદાયમાં પૂજાની મૂર્તિયોની બાબતમાં બહુ જ જાત જાતના મતમતાંતર પ્રાદેશિક રીતે પ્રવર્તે છે. પણ જો શ્રીહરિએ લખેલી શિક્ષાપત્રીમાં કહેવા મુજબ તથા ગ.પ્ર. ૪૮ માં કહ્યા મુજબજ મૂર્તિયો રાખવી. તેમાં પોતાની પસંદગી કે પોતાના ઉપદેશકની પસંદગી પ્રમણે ન રાખવી. માત્ર સહજાનંદ સ્વામી મહારાજની પસંદ કરેલી મૂર્તિયો જ રાખવી એવી અમારી નમ્ર પ્રાર્થના છે.

**નવા વ્રત-ઉત્સવના નિર્ણય પ્રકાશિત થઈ ગયા છે.**
**: પ્રાપ્તિસ્થાન :**
**સાહિત્ય કેન્દ્ર, કાલુપુર, અમદાવાદ**

**દર માસની ૨૦ તારીખ સુધીમાં આવેલા સમાચાર જેતે અંકમાં છપાશે. ત્યારબાદ આવેલા સત્સંગ સમાચાર તે પછીના અંકમાં પ્રકાશિત થશે.**

શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશનની માલિકી અંગેની માહિતી.

From-IV (see Rule : 8)

| | | | |
|---|---|---|---|
| ૧. | **પ્રકાશન સ્થળ** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ |
| ૨. | **પ્રકાશન સમય** | : | માસિક દર મહિને |
| ૩. | **મુદ્રકનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૪. | **તંત્રીનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૫. | **માલિક (સંસ્થાપક)** | : | **શ્રી નરનારાયણ દેવની ગાદીના અધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |

હું શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી : શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી**
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

## પ.પૂ. ૧૦૮ લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઉવારસદ ગામમાં

# પ્રથમ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

(શા. ભક્તિનંદનદાસ તથા
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ઉવારસદ)



ઉવારસદ ગામની ભૂમિનો ભગવાન શ્રીસ્વામિનારાયણે અનેકવાર પધારીને પવિત્ર, પાવન બનાવી છે. તે ગામમાં બહેનોમાં સત્સંગનો દિન-પ્રતિદિન વધારો થતા મંદિર ખૂબજ નાનું પડતું હોવાથી નૂતન ભવ્ય મંદિર બનાવવામાં આવ્યું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપાથી ભવ્યાતિ ભવ્ય અને પ્રથમ વખત મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે તા. ૨૬-૧-૨૦૧૨ થી ૨૯-૧-૨૦૧૨ ના રોજ ધામધૂમથી સંપન્ન થઈ.

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌ પ્રથમ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરી તે અલૌકિક પ્રસંગ સંપ્રદાય અને શ્રી નરનારાયણદેવ દેશના સત્સંગ માટે ઐતિહાસિક અને અવિસ્મ:રણીય ઘટના કહેવાય. આ તો સ્વયં શ્રીહરિના જ અપર બાલ સ્વરૂપ જેથી ઉવારસદ ગામ તો ધન્ય બની ગયું! આટલી જ નાની બાળવયે આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી લાલજી સ્વરૂપે તેઓશ્રીના પિતાશ્રી પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી આફ્રિકાના કેનિયા દેશમાં સંત-પાર્ષદ મંડળ સાથે સૌ પ્રથમ સંપ્રદાયમાં વિદેશની ધરતી પર પધાર્યા હતા. જે પણ સંપ્રદાય અને શ્રી નરનારાયણ દેવ પીઠસ્થાન માટે અવિસ્મ:રણીય પ્રસંગ ઘટના કહેવાય.

આ મહોત્સવ અંતર્ગત તા. ૨૬-૧ થી તા. ૨૯-૧ સુધી પંચદિનાત્મક સત્સંગિભૂષણ શાસ્ત્રની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે મંદિરના તેમજ સમગ્ર મહોત્સવના માર્ગદ્રષ્ટા સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર વંદનીય પૂજ્યનીય સ.ગુ.શા. પુરુષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી) (જેતલપુરધામ) બિરાજમાન થઈ ભાવવાહી શૈલીમાં સંગીતમય કથાનું શ્રવણ કરાવ્યું હતું. જેમાં સંહિતાપાઠમાં મહેસાણા અને જમીયતપુરાના સ.ગુ.શા. ઉતમપ્રિય સ્વામી અને શા. વિજયપ્રકાશ સ્વામી બિરાજમાન થયા હતા.

આ મહોત્સવ પ્રસંગે તા. ૨૭-૧-૨૦૧૨ થી તા. ૨૯-૧-૨૦૧૨ સુધી ત્રિદિનાત્મક વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યજમાનશ્રીઓએ બિરાજમાન થઈ યજ્ઞનો લાભ લીધો હતો.

તા. ૨૮-૧-૨૦૧૨ ના રોજ સાંજે મૂર્તિઓની નગરયાત્રા ધામધૂમથી કાઢવામાં આવી હતી.

તા. ૨૯-૧-૨૦૧૨ના રોજ ભવ્યતાથી ભવ્ય સંપ્રદાયમાં સૌ પ્રથમ ઐતિહાસિક ઘટના ગણાય તેવી પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રીની શોભાયાત્રા ઉવારસદ ગામમાં કાઢવામાં આવી હતી. ઢોલ, નગારા, ત્રાંસા સાથે ભક્તો ખૂબ નાચ્યા કુદયા હતા જે જીવનનું સંભારણું બની ગયું હતું. ત્યારબાદ ઈતિહાસના પાનામાં જેની નોંધ કાયમ માટે થઈ છે અને એક ઐતિહાસિક પ્રસંગ જેનું વર્ણન કલમથી પણ ન થઈ શકે એવો પ્રથમ પ્રસંગ પ.પૂ. લાલજી મહારાજશ્રી ઉવારસદ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વિધિ કરવા પધાર્યા હતા. વેદોક્ત વિધિથી મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થઈ. પ.પૂ. લાલજી મહારાજશ્રી જ્યારે ભગવાનની મૂર્તિના જમણા કાનમાં મંત્ર કહ્યો અને મૂર્તિમાં પ્રાણ આવતાની સાથે જ મૂર્તિમાંથી તેજ તેજ નીકળવા લાગ્યું અને મૂર્તિઓ મંદ મંદ હાસ્ય કરવા લાગી !

જેની અનુભૂતિ સંતો તથા ભક્તોને થઈ હતી. પ્રાણ પ્રતિષ્ઠા વિધિ બાદ હાથમાં આરતી લઈ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ જ્યારે આરતી શરૂ કરી ત્યાંતો જયજયકાર થવા લાગ્યો. પુષ્પની વૃષ્ટિ ભક્તજનો કરવા લાગ્યા, ઉવારસદ ગામ જય હો જય હોના નાદથી ગુંજી ઉઠયું. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રી યજ્ઞશાળામાં પધાર્યા અને યજ્ઞની પૂર્ણાહુતિ કરી સભામાં પધાર્યા. સભામાં યજમાનશ્રીઓ દ્વારા પૂજન, અર્ચન કરવામાં આવ્યું. સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવતા કહ્યું હતું કે, ''આજે અમે જે મૂર્તિની પ્રતિષ્ઠા કરી તે મૂર્તિમાંથી તેજ નીકળતું હતું અને મૂર્તિ-સ્વરૂપ હસતું અમે નિહાળ્યું. માટે તેના રોજ તમે દર્શન કરજો અને નરનારાયણદેવને મૂકી બીજે ક્યાંય જઈને ભરમાશો નહીં.''

ત્યાંજ સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા અને પ્રથમ બંન્ને મંદિરમાં અન્નકૂટની આરતી ઉતારીને સભામાં પધાર્યા. પ્રથમ કથાની પૂર્ણાહુતિ કરી. યજમાનશ્રીઓ દ્વારા પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન અર્ચન થયું. મહોત્સવ પ્રસંગે આશરે ૭૫ થી વધારે સંતોએ પધારી દર્શનનો તેમજ આશીર્વાદનો લાભ આપ્યો હતો. અંતમાં મહોત્સવમાં જેમણે સેવા આપી હતી તેવા યજમાનશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું. તથા આગામી ૧૧ પાટોત્સવના યજમાનની પણ જાહેરાત કરવામાં આવી.

અંતમાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા, ''ને રોજ મંદિરે દર્શન કરવા જવાની વાત કરી હતી.''

આ મહોત્સવમા સ.ગુ. શા. ભક્તિનંદન સ્વામી (જેતલપુરધામ) તથા શ્રી ન.ના.દેવ યુવક મંડળે તથા ગ્રામજનોએ ખૂબજ મહેતન આ મહોત્સવ માટે કરીને સેવાની તક લીધી હતી. તેમને પણ બિરદાવવામાં આવ્યા હતા. રોજ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખવામાં આવ્યા હતા.

સમગ્ર સંચાલન પ.ભ. ઘનશ્યામભાઈ પટેલે કર્યું હતું. અંતમાં સૌએ પ્રસાદ લઈને જીવનને ધન્ય બનાવ્યું હતું.

## નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

જેતલપુર : www.jetalpurdarshan.com

મહેસાણા : www.mahesanadarshan.org

છપૈયા : www.chhapaiya.com

ટોરડા : www.gopallalji.com

નારણઘાટ : www.narayanghat.com

## પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી વિરમગામમાં ભવ્ય સત્સંગ શિબિર

સમસ્ત સત્સંગી બહેનોને જણાવવાનું કે ફાગણ વદ-૧૧ તા. ૧૮-૩-૧૨ ને રવિવારના રોજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની નિશ્રામાં વિરમગામમાં મહિલા સત્સંગ શિબિરનું આયોજન કરેલ છે. આ પ્રસંગે ધામોધામના સાંખ્યયોગી બહેનો પણ કથા વાર્તાનો લાભ આપવા પધારશે. તો દરેક બહેનોને શિબિરનો લાભ લેવા ખાસ અનુરોધ છે.

તા. ૧૮-૩-૧૨ રવિવાર સમય સવારે ૯ થી ૧૨ અને બપોરે ૨-૦૦ થી ૪-૦૦ દરેક શિબિરાર્થી બહેનો માટે ફરાળની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

## આપણા આગામી ઉત્સવો

**ફાગણ વદ-૮** : તા. ૧૫-૩-૨૦૧૨ ગુરુવાર જેતલપુરધામ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ.

**ચૈત્ર સુદ-૫** : તા. ૨૭-૩-૨૦૧૨ મંગળવાર અંજાર મંદિર પાટોત્સવ.

**ચૈત્ર સુદ-૯** : તા. ૧-૪-૨૦૧૨ રવિવાર રામનવમી, સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ - અમદાવાદ, વડતાલ સમૈયો. રાત્રે ૧૦-૧૦ પ્રાકટ્યોત્સવ આરતી, અમદાવાદ કાલુપુર મંદિર અક્ષરભુવનમાં બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ.

**ચૈત્ર વદ-૨** : તા. ૮-૪-૨૦૧૨ રવિવાર માંડવી-કચ્છ મંદિર પાટોત્સવ.

**ચૈત્ર વદ-૩** : તા. ૯-૪-૨૦૧૨ સોમવાર પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ

# સહજતા, સરળતા, ભોળપણ

- સાધુ દેવસ્વરૂપદાસ (જયપુર)

अनन्यममता विष्णौ ममता प्रेमसंगता ।

भक्तिरित्युच्यते भीष्मप्रह्लादोउध्धवतोरदै ॥

ભિષ્મ, પ્રહલાદ ઉદ્ધવ અને નારદની ભગવાન પ્રત્યેની અનન્ય મમતાને ભક્તિ કહે છે. ભક્ત હંમેશા ભગવાન પ્રત્યે પોતાનો મમત્વ ભાવ કેળવીને સંબંધ જોડે છે. મમતાનો સંબંધ ઈશ્વર સાથે જોડ્યા પછી માણસના અહંતા ના ટુકડે ટુકડા થઈ જાય છે. અહંકાર તો એક હજાર માથા વાળો છે. સમજણ, બુદ્ધિ, આવડત, શક્તિ, ડહાપણ, રૂપ, વ્યવહાર કુશળતા, વૈભવ વિલાસ, ધન, આવા વિવિધ પ્રકારના કાંકરાઓમાં તેનો અહંકાર પાળ્યો પોસાય છે, માણસના જીવનમાં એક સંબંધ એવો હોવો જોઈએ જ્યાં અહંકાર શૂન્ય અને, પરમેશ્વરથી નિકટ હોય, માનવ સંબંધ તો દરિયામાં આવતી ઓટની જેમ ચડતાને ને ઉતરતા રહે છે તેથી લાગણીના આવેશમાં આવી ઓટમાં ફસાવું નહિ. જેમાં મમત્વ હોય તેની પ્રાપ્તિનો આનંદ અવર્ણનીય બની જાય, આવી અનન્ય મમતા જો પરમાત્મામાં હોય તો પછી દાદા ખાચર, પ્રહલાદ, નારદ, મીરાં, નરસી મહેતા સમક્ષ પરમાનંદ મળવાની વાત છે.

સરળતા, સહજતા અને ભોળપણના સાધનથી દાદા ખાચરનું સમર્પણ જામેલુ હતું. દાદા ખાચરને મહારાજ પ્રત્યે એટલો બધો મમત્વ ભાવ હતો કે સર્વસ્વ મહારાજના ચરણોમાં મૂકી દીધું. સાચું સમર્પણ પ્રગટે એટલે ગુમાવવાનો આનંદ અનેરો હોય છે. મોહ માંગીને રાજી થાય છે અને પ્રેમ આપીને રાજી થાય છે, તેમને આપેલી ભેટ સહજપણે હતી, એમાં હૃદય આપવાની વાત છે, બધું જ આપી શકાય અને ખરીદી શકાય પણ હૃદય આપવું આ કામ ઘણું અઘરું છે, વચનામૃત અને ગીતામાં ભગવાને કહ્યું છે, કે માણસનું હૃદય પ્રભુમય હોવું જોઈએ અને હાથ કાર્યરત હોવા જોઈએ. પછી તે કર્મ કર્મ નથી રહેતું ભક્તિ બની જાય છે, પરંતુ માનવ માત્ર કર્મ કર્યા પહેલા મોટા ફળની અપેક્ષા રાખી અધીરો થઈને બેઠો છે. પણ એને કોણ સમજાવે કે ફળ ત્યાગીને ઉલટું અનંત ગણું ફળ પ્રાપ્ત થાય છે, જે આપણા હાથમાં નથી તેની ચિંતા શુ કામ કરવી જોઈએ. ભગવાન કહે છે, તારામાં પડેલી અહંતા અને મમતા મને આપી દે, જા આજથી હું તારો, પછી ભગવાન નિરંતર એના થઈ ને રહે છે.

દાદા ખાચરના ભોળપણ, પ્રેમની વાત ન્યારી છે. એકવાર મહારાજ સવારના ચાર વાગે રિસાઈને દરબારગઢમાંથી ચાલી નિકળ્યા. દાદાખાચરને ખબર પડી એટલે દરબારગઢના પાછળના રસ્તેથી દોડ્યા, થોડીવારમાં દોડી મહારાજ સુધી પહોંચી ગયા. અને પગે વળગ્યાને બાથ ભરી લીધી, ત્યારે મહારાજે દાદાખાચરને કેડેથી ઝાલીને ફેંકી દીધા ને આગળ ચાલ્યા, દાદાખાચર બેઠા થયા અને ફરીથી મહારાજને બાંધ્યા (વળગ્યા) તોય ફગાવી દીધા ને આગળ ચાલ્યા. જેમ કશુંક હોઠ પીસીને પ્રયત્ન પૂર્વક છોડવામાં આવે તે બેવડા જોરથી વળગે છે, એ ન્યાયે, છોડાવીને ઉતાવળે ચાલતા મહારાજને થોડેક છેટે જઈને ફરીથી બાંધ્યા ને સારી પેઠે મહારાજને બાથ ભરીને ઝાલ્યા, પણ મહારાજ ઝાલ્યા રહ્યા નહિ ને ફંગોળીને દૂર દાદાખાચરને ફેંકી દીધા. વળી મહારાજ આગળ ચાલ્યા. એમ કરતા હોળાયાના માર્ગે વોકળી સુધી દાદાખાચર પગે બાઝે ને મહારાજ ફેંકી દે, પછી વોકળીને કાંઠે તો ખૂબ છેટે નાખી દીધા, દાદાખાચરને બહુ વાગ્યું અને નિઃસહાય ઉભા રહ્યા. થરથર કાંપવા લાગ્યા, હૈયું ભરાઈ ગયું, આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યા, ને રડવા લાગ્યા.

મહારાજ ચાલતાં ચાલતાં થોડે છેટે જઈને પાછું મુખારવિંદ કરીને જોયું, દાદાખાચરને થરથર કાંપતાં દીઠા ને તે જોઈ મહારાજને દયા આવી, મહારાજ પાછા વળીને દાદાખાચરને છાતીમાં દાબીને બોલ્યા : દાદા ! હવે રડશો નહિ, દાદાખાચર મહારાજને બાથ ભરીને ખૂબ રડ્યા. પછી મહારાજે દાદાખાચરના આંસુ લુછી, માથે હાથ મૂકી, ''તમારે ત્યાં અમે નિરંતર રહેશું'' એમ કહીને મહારાજ, દાદાખાચરની સાથે દરબારગઢમાં પાછા આવ્યા, ને મહારાજ વાસુદેવનારાયણને ઓરડે બિરાજ્યા અને લાડુબા, મોટીબાને બોલાવી બધી હકીકત કહી ને કહ્યું જે 'અમો રહેવાના નો'તા પણ દાદાખાચરે બહુ પ્રયાસથી રાખ્યા ને જવા દીધા નહિ, જેથી હવે દાદાખાચરને વશ થઈ નિરંતર આ દરબારમાં રહેશું.

આ આનંદ લીલા શબ્દમાં કહી શકાય પણ તેનો ભાવ વ્યક્ત ના કરી શકાય. પરંતુ શબ્દ એ ભાવ પ્રગટ કરવાનું સાધન જરૂર છે, પણ એ ભાવના દાતા તો ઈશ્વર એક જ છે. જ્યાં આવી સરળતા વસે છે, ત્યાંથી પરમેશ્વર કેવી રીતે જઈ શકે, આજ તો સહજતાની ચરમ સીમા છે, દાદાખાચરને એમ લાગતું હતું કે મહારાજ મારા છે, માટે અશ્રુ વહ્યાં.

# હૈયાના હાર

- નટુભાઈ બી. પટેલ (રાજપુરવાળા-કેનેડા)



ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીજી મહારાજ સંતો અને હરિભક્તોની સભા સાથે બિરાજમાન હતા. નંદ સંતોના મહિમા અને ભાવ વિભોર કીર્તનોની રમઝટ, ભક્તિમય વાતાવરણ પાથરી ચૂક્યુ હતુ. એવામાં ખોરાસાના રાજાભાઈ આહિર સભા તરફ આવ્યા. શ્રીજી મહારાજની નજર એમના ઉપર પડી. શ્રીજી મહારાજ ઉભા થઈ એમની સામે ગયા. વ્હાલપૂર્વક ભેટી પડ્યા. હૃદયે લીધા અને કહ્યું આવો આવો રાજાભાઈ. રાજાભાઈ મહારાજને પ્રણામ કરતા બોલ્યા. પ્રભુ ! અમારી કંઈ ભૂલ હોય તો માફ કરજો. શ્રીજી મહારાજ બોલ્યા - ના ના રાજાભાઈ અમે તો ખૂબ પ્રસન્ન છીએ. તમે તો અમારા હૈયાના હાર છો. અમારી સાથે આવો એમ કહી શ્રીજી મહારાજ રાજાભાઈને પોતાના સિંહાસન નજીક લઈ ગયા. બાજુમાં નીચે બેસાડ્યા.

આ બધું દાદા ખાચર અને અન્ય કાઠી દરબારો જોઈ રહ્યા અને મનોમન વિચારવા લાગ્યા એવું તે શું છે ? આ રાજાભાઈ આહિરમાં કે મહારાજે એમને હૈયાના હાર કહી આવકાર્યા. આપણે તો ઘણું બધું કર્યું, સાથે ફરતા રહ્યાં, રાજપાટ આપ્યા, સેવા કરતા રહ્યાં પણ આપણને આવો આવકાર મહારાજે ક્યારેય આપ્યો નથી. શ્રીજી મહારાજ અંતર્યામી પણે આ વાત જાણી ગયા. આ ઉદ્‌વેગ ને ખુલાસો કરી દૂર કરવાના ધ્યેય થી કીર્તન ગવાતા બંધ કરાવ્યા. અને બોલ્યા. હવે સાંભળો, અમે એક વાત કહીએ છીએ.

આ રાજાભાઈ આહિર કોઈ નાના હરિભક્ત નથી એમની ભક્તિ અને આજ્ઞાકારી પણ સર્વોપરિ છે. અમારા સંતોની સેવાને લઈ પોતાની પત્ની દ્વારા દ્રોહ થયો. આગલી રાત્રે ધર્મસભામાં ગુણાતીતાનંદ સ્વામીના શબ્દો યાદ આવ્યા. ભગવાન ભજતા આડું આવે તેનો ભગવાન ખુદજ, રસ્તો શોધી આપે છે. સંતો સાથેના અસભ્ય વર્તનને લઈ સંસાર છોડવાનું નક્કી કર્યું. પત્ની, બાળકોને આ જીવન ચાલે તેટલું રાખ્યું. બાકીના બધું વેચી મારીને અમારી સેવામાં લઈ આવ્યા. સાધુ થવાનો એમણે એમનો નિર્ણય અમને કહ્યો અમે ખૂબ સમજાવ્યા પણ સંસારમાં પાછા જવાની ના પાડી. એ પત્ની, બાળકો, વાડી પશુધનમાં હવે મને મોહ નથી. એમ કહ્યું અને અમને કહ્યું દિનાનાથ દયા કરી વિલંબ કર્યા વગર સેવામાં લઈ લો.

એમનો આવો અડગ નિર્ણય જોઈ અમે તૈયાર થયા. અમે કહ્યું રાજાભાઈ સાધુ થવું છે કે અમે કહીએ તેમ કરવું છે ? તો કહે હે મહારાજ આપ જેમ કહો તેમ, મહારાજે કહ્યું રાજાભાઈ હજુયે વિચારી લેજો અમે કહીશું તે સહેલું પણ નહી હોય તેમજ આપને ગમતું પણ નહી હોય. રાજાભાઈ કહે મહારાજ આપની આજ્ઞા એજ મારુ જીવન છે અને વળી આ જીવન પણ આપની દેન છે. હું કોણ નક્કી કરનાર? બસ આજ્ઞા કરો.

તો સાંભળો, દરબાર અમે એમને અગત્રાઈના ભક્તરાજ પર્વતભાઈના ત્યાં ખેતી કરવા મોકલ્યા. પર્વતભાઈનો દીકરો મેઘજી નાનો હતો. ખેતીવાડી મોટી હતી. પર્વતભાઈ મોટી ખેતીને લઈ અમારામાં સમય નહોતા કાઢી શકતા. બાર-બાર વર્ષ ત્યાં રહ્યાં, દિલથી

મહેનત કરીને ઘરના વ્યક્તિની જેમ બધું સંભાળી લીધું. અમારા દર્શન માત્રની પણ ઈચ્છા ના રાખી. આજ્ઞામાં વળગી રહ્યાં. ક્યારેય અમારી સોંપેલી સેવા છોડી નહીં, ગઢડા પણ ના આવ્યા. પોતાનું ગામ ખોરાસા અને અગત્રાઈ આસપાસના ગામો છે. દુન્યવી સંબંધીઓ, પંચાયીતાઓની પરવા કર્યા વગર આજ્ઞામાં રહ્યા. અને આજે પણ અમારી આજ્ઞા થકી જ અહીં આવ્યા છે. સહેજ પણ દુઃખ નથી, સંકોચ નથી કેવી જબરી સમજ, આવી સમજણને લઈ અમારા હૈયાના હાર બની ગયા. હા, દાદા! કેવળ અમારી સાથે ફરવાથી, અમારી સેવા કરવાથી કે પછી સંપત્તિ આપવાથી કે પછી મુછો મોટી કરી મોટપમાં રાચવાથી હૈયાના હાર નથી થવાતું. હજુયે જુઓ.

શ્રીજીમહારાજ રાજાભાઈને સંબોધી બોલ્યા રાજાભાઈ બોલો સાધુ થવું છે કે અમારી સેવામાં અક્ષરધામ જવું છે ? ત્યારે રાજાભાઈ બોલ્યા મહારાજ આપની જે મરજી હોય તેમ કરવું છે. મહારાજ બોલ્યા રાજાભાઈ તમારી જે મરજી છે એજ અમારી મરજી છે બસ તમે બોલો એટલીવાર. ત્યારે રાજાભાઈ કહે મહારાજ આપની સેવામાં અક્ષરધામ લઈ જાઓ. થોડીક શ્રણોમાંજ રાજાભાઈ ધ્યાનમાં બેઠા મહારાજની મરજી થકા બેઠા બેઠા ગબડી પડ્યા ! આંખો બંધ થઈ ગઈ ! દેહ અક્ષરધામમાં પહોંચી ગયો.

સભા સ્તબ્ધ થઈ ગઈ ! મૌન છવાઈ ગયું ! થોડીક ક્ષણો પછી શ્રીજી મહારાજ બોલ્યા. જોયું દરબારો આ રાજાભાઈ એટલે અમને વ્હાલા હતા. અમારી આજ્ઞા એજ એમનું જીવન, અમારા સંતોનો દ્રોહ થતા ઘરસંસાર ત્યજ્યુ. સાધુ થવા ખેતીવાડી છોડી પણ અમારી આજ્ઞાએ કરી ફરીવાર પારકાની ખેતી કરી. બાર-બાર વર્ષ કોઈજ પ્રશ્ન જ નહીં અને અમારા ભક્તરાજ પર્વતભાઈની સેવાને મારી સેવા જેટલું જ પ્રધાન્ય આપ્યું. અમે બોલાવ્યા ત્યારે તુર્તજ પહેલાના જેવા જ ભાવથી દોડી આવ્યા. ફરી જ્યારે ઈચ્છા પૂછી તો અમારી ઈચ્છાને બળવાન માની. એટલેજ અમે અમારા હૈયાના હાર કહ્યાં.

ફરીથી સભામાં મૌન છવાઈ ગયું. દાદા ખાચર ઉભા થયા બે હાથ જોડી મહારાજને પ્રણામ કર્યા. ગદ્ ગદ્ કંઠે બોલ્યા, હે અંતરયામી ! હે, અખિલ બ્રહ્માંડના અધિપતિ ! હે, મહારાજ અમોને માફ કરો. અમારા આવા સંશયો નો સામનો કરવા બળ આપજો. રાજાભાઈ જેવી સાચી સમજણ અમારામાં હર હમેંશ હરપળ રહે તેવી કૃપા કરજો. આટલું બોલતા જ દાદાખાચરની આંખોમાંથી ટપ ટપ આંસુઓ પડવા લાગ્યા. ત્યાંજ શ્રીજી મહારાજ બોલ્યા, હે દાદા, હે દરબારો, હે હરિભક્તો અમે તો તમારા છીએ અને રહીશુ જ બસ ! રાજાભાઈ જેવી સમજણને સમજી રાખશો.

ફરી સભામાં મૌન છવાયુ. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ ધીરે ધીરે અવાજે સંગીતના સૂર છોડ્યા. મંગલકારી વાતાવરણ સજાર્યુ. શ્રીજી મહારાજના દિવ્યપણાના તેજ છવાયા ! જાણે પૂનમની પહેલી પહોર ના હોય ! સભા પુરી થઈ. શ્રીજી મહારાજ ઉભા થઈ અક્ષરઓરડી તરફ ગયા. સંતો અને હરિભક્તો છુટા પડ્યા. બસ ! બધાના મુખમાંથી આ શબ્દો ગુંજતા રહ્યા. ધન્ય છે હૈયાના હાર રાજાભાઈને !

**જેતલપુરધામ પૂનમના દર્શન (વ્રતની પૂનમ)**
**ફાગણ સુદ-૧૫ તા. ૮-૩-૧૨ ગુરુવાર**
**મંગળા આરતી દર્શન સવારે ૫-૨૦**
**શણગાર આરતી દર્શન સવારે ૬-૪૫**

**સિધ્ધપુર મંદિર : મો. : ૯૮૨૫૧ ૮૯૩૫૧ છે.**
**નિર્ણયમાં શરત ચૂકથી નંબરમાં ભૂલ છે.**

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શ્રીહરિદ્વાર શ્રીસ્વામિનારાયણ મંદિરના નવા મહંત પદે અમદાવાદ કાલુપુર મંદિરના સ.ગુ. શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીને નિયુક્ત કર્યા છે. સંપર્ક : ૯૯૯૮૩૭૮૯૫૮**

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....

સફળતાના શિખરે પહોંચવા માટે ઘણા રસ્તા હોય છે. સીડી ચઢીને ઉપર જઈ શકાય, રોપવેથી, લીફ્ટથી કે એક્સીલેટરથી પણ ઉપર જઈ શકાય છે, કેટલાક ડોલીમાં બેસીને સફળતાના સોદા કરતા હોય છે. આપણા શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમે ભલે સફળતા માટે સીડી ઉપર પસંદગી ઉતારી હોય પરંતુ એ સીડી આપણી પોતાની બનાવેલી છે. આપણા મહારાજશ્રીએ બનાવેલી, આપણા સત્સંગે બનાવેલી સીડી છે. એટલે મ્યુઝિયમની સફળતાનો આપણને સૌને વિશેષ આનંદ આવે છે.

તા. ૨૪-૨-૨૦૧૨ ફાગણ સુદ ત્રીજ એટલે કે શ્રી નરનારાયણદેવના ૧૯૦માં પાટોત્સવના દિવસે આપણું મ્યુઝિયમ ૧ વર્ષનું થયું. તેનો ઉત્સવ મ્યુઝિયમમાં ઉજવાઈ ગયો. આમતો ખૂબ નાનાપાયે ઉજવાયો પરંતુ કોઈ બાળકના પહેલા જન્મદિવસે જેટલો ઉમંગ તેના સગા સબંધીને હોય તેવો જ ઉત્સાહ અને ઉમંગ પ.પૂ.મોટા મહારાજશ્રી, આચાર્ય મહારાજશ્રી તથા સંતો અને હરિભક્તોમાં જોવા મળતો હતો. મ્યુઝિયમની સુંદરતા, સ્વચ્છતા જાળવવા માટે ખૂબજ ઓછા લોકોને તેમાં પ્રત્યક્ષ સામેલ કરવાનું નક્કી કરાયું હતું. (જો કે આપણી વેબ સાઈટ પરથી લાઈવ ટેલીકાસ્ટ કરીને પરોક્ષ રીતે તો દેશ - વિદેશના સૌ સત્સંગીઓને તેમા સામેલ કરાયા જ હતાં) સમૂહ મહાપૂજા, બ્રહ્મ ભોજન, સભા કીર્તન અને મહાપ્રસાદ આ હતો મ્યુઝિયમનો ટૂંકો પણ સુંદર કાર્યક્રમ. સમૂહ મહાપૂજામાં કુલ ૧૫૧ યજમાનો હતા. સવારે કાલુપુર મંદિરમાં શ્રીનરનારાયણ દેવના પાટોત્સવ નિમિત્તે અભિષેક સભા અને અન્નકૂટ દર્શનના કાર્યક્રમ ને પૂરતો ન્યાય આપ્યા બાદ સાંજે ૪-૦૦ વાગે મ્યુઝિયમમાં કાર્યક્રમ રખાયો હતો. સૌ પ્રથમ મોરબીના પ.ભ. હરિલાલ કેશરા ભગત, પ.ભ. તુલસીદાસ રતનસી ભગત, પ.ભ. હીરાલાલ કેશરા ભગત, પ.ભ. દેવજી રતનશી ભગત, પ.ભ. જીવરાજભાઈ પ્રેમજી ભગત, રવાપર-કચ્છ મુખ્ય યજમાન અને બ્રહ્મ ભોજનના મુખ્ય યજમાન સહિત ૧૫૧ પાટલા પર યજમાન પરિવારો સમૂહ મહાપૂજા માટે શિસ્તબધ્ધ રીતે ગોઠવાઈ ગયા હતા. પ.પૂ.મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. ગાદીવાળાશ્રીના પવિત્ર સાનિધ્યમાં લગભગ ૩ કલાક સુધી ચાલેલી મહાપૂજા તથા શ્રીનરનારાયણદેવના ચલ સ્વરૂપના અભિષેકથી મુખ્ય હોલનું વાતાવરણ અલૌકિક થઈ ગયું હતું. એ દિવ્ય અનુભૂતિને શબ્દોમાં વર્ણવવાનું સામર્થ્ય લગભગ સર્વે ખોઈ બેઠા હતાં. ત્યાર બાદ ૧૨ નંબરના હોલમાં નાનકડી પ્રાસંગિક સભાનું આયોજન કરાયું હતું જેનું સફળ સંચાલન પૂ.શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ સંભાળ્યું હતું. આપણા સંપ્રદાયના સુપ્રસિધ્ધ ગાયક હસમુખ પાટડિયાના સુમધુર કંઠે પીરસાવાયેલ કીર્તનો અને પીરસાવવામા આવનાર મહાપ્રસાદની વચ્ચે મુખ્ય યજમાન સહિત યજમાનોનું સન્માન કરાયું હતું.

મુખ્ય હોલની નીચેના ભાગે જ્યાં કેન્ટીન છે તેની બાજુનાં હોલમાં બ્રહ્મ ભોજનનું આયોજન કરાયું હતું. લગભગ ૨૫૦ જેટલા બ્રાહ્મણોએ સામ સામે શ્લોકો ઉચ્ચારી વાતાવરણની પવિત્રતાને વધારી દીધી હતી. સાથે સંપ્રદાયના પૂજનીય સંતોને ભોજન કરતા દર્શન કરવાનો પણ અવસર ત્યાં હાજર રહેલા સૌને સાંપડ્યો હતો. ત્યાર બાદ મ્યુઝિયમની પાછળના ભાગમાં સૌ હરિભક્તોએ ભાવથી ભોજન ગ્રહણ કર્યુ ત્યારે અરસપરસ પ્રસંગની દિવ્યતા અને સફળતાની પ્રસંશા કરતા કરતા કાર્યક્રમને સમાપન તરફ દોરી ગયા હતા. (પ્રફુલ ખરસાણી)

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ફેબ્રુઆરી ૨૦૧૨

| | |
|---|---|
| તા. ૦૭-૦૨ | પટેલ પૂનમભાઈ મગનભાઈ - અમદાવાદ |
| તા. ૧૨-૦૨ | શ્રી નરનારાયણદેવ મંડળ - હીરાવાડી<br>હ. મહેન્દ્રભાઈ |
| તા. ૧૪-૦૨ | પટેલ કેશવલાલ જેઠીદાસ - ભાઉપુરા<br>પટેલ કલ્પેશ કેશવલાલ,<br>પટેલ અશોકભાઈ કેશવલાલ |
| તા. ૧૫-૦૨ | સુહાગીયા ચંપાબેન ભાનુભાઈ - મેમનગર<br>સુહાગીયા સુખદેવ ભાનુભાઈ,<br>હ. પરિતાબેન સુખદેવભાઈ |
| તા. ૨૪-૦૨ | શ્રી સ્વામિનારાણ મ્યુઝિયમના વાર્ષિક ઉત્સવ પ્રસંગે<br>શ્રી નરનારાણ દેવનો અભિષેક તથા મહાપૂજા |
| તા. ૨૮-૦૨ | ચૌહાણ ચંદુભાઈ સવજીભાઈ - ધૂળકોટ હા. સુરત<br>હ. બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી |

# અભિપ્રાય

જય શ્રી સ્વામિનારાયણ..... પ્રસાદીની આ વસ્તુઓના દર્શન કરતા આત્માની અંદર એક દિવ્ય અનુભૂતિ થઈ. અંતકાળે આ પ્રસાદીની વસ્તુઓમાંથી એક પણ વસ્તુ યાદ આવી જાય તો પણ કલ્યાણ થઈ જાય. અમદાવાદના આંગણે આ મ્યુઝિયમ દર્શન કરવા લાયક છે.

(અનીલ એમ. પાટડીયા)

આ અગાઉ મહારાજની પ્રસાદીની વસ્તુ આટલી સંખ્યામાં જોવા મળી નથી તેમજ પ્રસંગ પ્રમાણે વસ્તુઓનું સંગ્રહ ખૂબજ સરસ છે. આ મહારાજની વસ્તુથી મહારાજ તે વખતે પહેરેલા કપડામાં કેવા દેખાતા હશે તે અનુભવ કરી શકાય છે. આ મ્યુઝિયમ એ ખૂબજ સારી રીતે બનાવવામાં આવ્યું છે.

(ઘનશ્યામ પી. ગોટી)

શ્રી સ્વામિનારાયણ ભગવાને સૌ પ્રથમ અમદાવાદમાં શ્રીનરનારાયણ દેવનું ભવ્ય મંદિર બંધાવી સ્વામિનારાયણ સંપ્રદાયને સૂર્ય - ચંદ્ર તપે ત્યાં સુધી ભગવાનનું ભજન સ્મરણની તાજી યાદો વાગોળે અને અંત કાળે આ મ્યુઝિયમના ૧૧ ખંડમાંથી કોઈ એક ખંડની યાદ આવે તો ભગવાનના અક્ષરધામ શ્રીસ્વામિનારાયણ ભગવાનની સન્મુખ થવાનો લાભ મળે. પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અમે, અમારો પરિવાર અને આપણો સંપ્રદાય સદા ઋણી રહેશે.

(રૂપમબેન ગૌતમભાઈ સાંગાણી)

ભુજધામથી આખા ભારત દેશની યાત્રા કરીને સાડા છ માસે આજે અહીં યાત્રા કરી ત્યારે આખી યાત્રાની સફળતા રૂપ આ અક્ષરધામ તુલ્ય મ્યુઝિયમના દર્શન કરીને ધન્યતા અનુભવી છે. આ સ્થાનનું મૂલ્ય થઈ શકે તેવું આ લોકમાં કોઈ સ્થાન નથી. ધન્ય ધન્ય કોટી કોટી દંડવત પ્રણામ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને !!!

(સાધુ ઈશ્વર સ્વરૂપદાસ, સ્વામી પુરૂષોત્તમચરણદાસ, સ્વામી સંતજીવનદાસ, સ્વામી ન્યાલકરણદાસ, સ્વામી શ્યામકૃષ્ણદાસ, પાર્ષદ પરેશ ભગત, હરજીભાઈ છભાડીયા, હરજીભાઈ સોની, મેથાણીયા હરજીભાઈ, મેગજી કરસન)

આ મ્યુઝિયમના દર્શન કરવાથી મહારાજની ખૂબજ સ્મૃતિ થઈ અને પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના બાલ્યાવસ્થાના દર્શનનું ખૂબજ સુખ મળ્યું

(નીતાબેન સાંખ્યયોગીબા - પીપલાણા)

I read Satsangi Jeevan, Shikshapati, Gopalanand Swami ni Vato, and many books of Swaminarayan Bhagwan, but it given me only reading knowledge here in the this museum I so many things of Prasadi. Really a good museum, with Darshan we experience divine authority of Shreeji Maharaj thank for guidance to the guide.

(Pri. Shantilal A. Patel)

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિભાવ ભેટયોજના અંતર્ગત નોંધાવનાર દાતાશ્રીઓની યાદી - ફેબ્રુઆરી ૨૦૧૨

| | |
|---|---|
| ● ૫૧,૦૦૦/- | ડી.કે.સ્ટીલ - અમદાવાદ |
| ● ૫૧,૦૦૦/- | રમિલાબેન શાંતિલાલ દરજી સાદરા-વાસણા |
| ● ૩૦,૦૦૦/- | કરશન દેવજી રાબડીયા - રામપર વેકરા - કચ્છ |
| ● ૨૫,૦૦૧/- | અ.સૌ. ગીતાબેન મહેન્દ્રભાઈ પટેલ (બટાકાવાળા) - ઉવારસદ |
| ● ૨૧,૦૦૦/- | કોઠારી શ્રી સ્વામિનારાયણ મંદિર - ઉવારસદ |
| ● ૨૧,૦૦૦/- | જગદીશભાઈ ડુંગરાણી - સુરત |
| ● ૧૧,૧૧૧/- | અ.નિ. ઈશિતાબેન બિપીનભાઈ પટેલ - ઉવારસદ હ. બિપીનભાઈ ભાઈલાલભાઈ પટેલ |
| ● ૫૦૦૧/- | અમૃતલાલ જેઠાલાલ કાછીયા - ભાયંદર (વેસ્ટ) જી.થાણા |
| ● ૫૦૦૧/- | અ.નિ. અમૃતલાલ પ્રભુદાસ મિસ્ત્રી - જાકાસણા હ. મહેન્દ્રભાઈ મિસ્ત્રી |
| ● ૫૦૦૧/- | અ.નિ. કાછીયા પટેલ પરષોત્તમદાસ જીવરામ હ. દિનેશભાઈ - લુણાવાડા |
| ● ૫૦૦૧/- | અ.નિ. કાછીયા પટેલ ધનલક્ષ્મીબેન પરષોત્તમદાસ હ. અલ્કાબેન દિનેશભાઈ - લુણાવાડા |
| ● ૫૦૦૧/- | નીરૂબેન ભાઈલાલભાઈ પટેલ - ભાત તા. દસક્રોઈ |
| ● ૫૦૦૧/- | વિરજી લાલજી રાઠોડ (હ. ભૂપેન્દ્રભાઈ) જીરાગઢ |
| ● ૫૦૦૦/- | પીનાબેન નવીનભાઈ પટેલ ચિ.વચનના જન્મદિવસ નિમિત્તે |
| ● ૫૦૦૦/- | હિરેન પ્રાગજીભાઈ કાથરોટીયા - બાપુનગર |

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## પાદરાવાળાને પરચો આપ્યો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

આજે આપણે એક નવી વાત વાંચીશું. સ્વાર્થભરી બુદ્ધિમાં ક્યારેય સદ્‌ભાવ હોતો નથી. અરે ! માણસને તો ક્યાં પણ ભગવાનને પણ બંધનમાં રાખવા આવા સ્વાર્થી જીવો વિચાર કરે છે. પરંતુ આ તો જગતનો નાથ ભક્તના પ્રેમની દોરીથી બંધાય છે. પરંતુ એને કોઈ અન્ય સત્તા બાંધી શકતી નથી.

વાત છે વડોદરા પાસેના પાદરા ગામની ત્યાંના રાજા કર્ણજીતને ખબર પડી કે સ્વામિનારાયણ ભગવાન અમારા ગામ પાસેથી પસાર થઈ રહ્યાં છે.

કર્ણજીત રાજાએ કોઈ દિવસ સ્વામિનારાયણ ભગવાનને નજરે જોયેલા નહિ પણ તેને વાત મળી હતી કે સ્વામિનારાયણ પાસે ઘણા બધા રૂપિયા છે. એટલે તો આટલા બધા યજ્ઞો કરે છે. ચોરાશી કરીને ભૂદેવોને જમાડે છે અને દાનદક્ષિણા ખૂબજ આપે છે ચારે બાજુ તેમની વાહ વાહ છે બધા તેમને ભગવાન તરીકે પૂજે છે અને માને છે. તો આ મોકો છે આપણે તેમની પધરામણી આપણા મહેલમાં કરાવીએ, તેણે સ્વામિનારાયણ ભગવાનની કીર્તિ સાંભળેલી કે તેમની પાસે અઢળક રૂપિયા છે અને તેમના સત્સંગીઓ પણ ખૂબજ પૈસે ટકે વહેવારે સુખી હોય છે. લાવ ત્યારે વહેતી ગંગામાં હાથ ધોઈ લઉં. પધરામણી કરાવવાનો શુભ આશય પણ ન હતો. મેલી મુરાદ હતી. તેથી ગામની પાદરે જઈ સામૈયુ કરવા રાજા ગયો અને સાથે ખુશામતિયા અને દરબારીઓને બધા-વાજા-શરણાઈઓ વગડાવી સામૈયુ કર્યું. અને મારા મહેલમાં પધરામણી કરી મને અને મારા મહેલને પાવન કરો.

પ્રભુ તો ‘‘મનકી જાણે-તનકી જાણે, જાણે ચિતકી ચોરી !’’ તેમને તો ખબર જ હતી કે આ બધું પ્રપંચ છે છતાં તેનું કલ્યાણ કરવું છે પણ જરા બીજી રીતે - પ્રભુએ ‘હા’ પાડી. એટલે સવારી મહારાજ અને સંતોની સાથે રાજમહેલ પહોંચી. ત્યાં પ્રભુનું પૂજન કર્યું. સાંજ પડી ગઈ હતી એટલે મહારાજે સામેથી કહ્યું દરબાર-અમારી અને અમારા સંતોની ઉતારાની અને ભોજનની વ્યવસ્થા કરો. અને રાજાએ આજ્ઞા માની તેમના માણસોને રસોઈ ઉતારાની સગવડ કરવા જણાવ્યું અને પછી આ રાજા કર્ણજીત પ્રભુને કહે છે કે - મારે તમને એક વાત કરવી છે. અત્યારે ને અત્યારે મને રૂપિયા એક લાખ આપો તો જ તમને મારા મહેલમાંથી સવારે જવા દઈશ અને જો નહિ આપો તો નજર કેદ રાખીશ. - રૂપિયા મળશે પછી જ જવા દઈશ. સ્વામિનારાયણ ભગવાને કહ્યું અમારી પાસે રૂપિયા નથી - ક્યાંથી આપીએ. રાજા કહે તો નજર કેદ રહો. કહી પોતાના સિપાહી જે પહેરેગીરો હતા તેમને હુકમ કર્યો. સાંભળો ચોકી પહેરો મજબૂત રાખજો. સફેદ વસ્ત્ર પહેરેલા સ્વામિનારાયણ અત્રેથી બહાર નીકળે નહિ. અને હા - જો ભગવા વસ્ત્રવાળા તેમના સાધુઓ જવા માગતા હોય તો જવા દેશો. સફેદ વસ્ત્રધારી સ્વામિનારાયણને જવા દેશો નહિ. અને જો ફરજ પાલનમાં બે ખબર રહ્યા તો બધાના માથા વાઢી નાંખીશ. પહેરેગીરોએ ‘જી હજૂર’ કહી આજ્ઞા શિરોધાર્ય કરી. રાજા કર્ણજીત પોતાના મહેલમાં સૂવા માટે ચાલ્યો ગયો.

પરોઢ થઈ સંતો સ્વામિનારાયણ, સ્વામિનારાયણ..... ઉચ્ચ સ્વરે ઉચ્ચાર કરતાં જાગ્યા. પ્રભાતિયા ગાયા. થોડા કીર્તનો ગાયાં અને ચોકીદારોને કહે છે દરવાજા ખોલો અમારે નહાવાધોવા બહાર જવું છે. ચોકીદારો તો હુકમના ગુલામ. તેમના રાજાએ કહ્યું હતું કે ‘‘ભગવા’’ વસ્ત્ર વાળા જે જાય તેમને જવા દેજો ‘સફેદ’ વસ્ત્રવાળાને ન જવા દેતા. ચોકીદારોએ જોયું આ તો ભગવાવસ્ત્રવાળા બધા રજા માંગે છે. ચોકીદારોએ ઉપરી અમલદારને પૂછ્યું, શું કરવું છે ? અમલદારે કહ્યું - ભગવાવાળાને જવા દો.

હવે, આ બાજુ સ્વામિનારાયણ ભગવાને કિમીયો રચ્યો. સાથે સંતો હતા તેમને કહ્યું તમારી પાસેના વધારાનાં ભગવા વસ્ત્ર અમને આપો. અમે પણ ભગવા ધારણ કરીએ. પ્રભુએ ભગવા વસ્ત્ર ધારણ કર્યા અને બધા સંતોની સાથે ને સાથે જ નીકળી ગયા ને ચોકીદારો આંખો પહોળી કરીને ઉભા હતા કે સફેદ વસ્ત્રવાળા સ્વામિનારાયણ ભગવાન જવા ન જોઈએ.

સવાર થયું. રાજા કર્ણજીત મનમાં હરખાતો હરખાતો આવ્યો - સ્વામિનારાયણને બધા મળ્યા હશે પણ કર્ણજીત જેવો કોઈ મળ્યો નહિ હોય. કેવા પુરી રાખ્યા ! હવે તો એકલાખ રૂપિયા આપી જ દેશે - છૂટવું હશે તો !

આવીને જોયું તો ઓરડો ખાલી ખમ ! કોઈ નહિ ! ના સફેદવાળા કે ના ભગવાવાળા ! ચોકીદારોને બરાડા પાડી બોલાવ્યા - સ્વામિનારાયણ ક્યાં ગયા ? 'જી હજૂર' અમને ખબર નથી. અમો તો તમારી આજ્ઞા પ્રમાણે ખાલી ભગવા વસ્ત્ર વાળાને જ જવા દીધા હતા. રાજા કર્ણજીત હાથ ઘસતો રહી ગયો અને વિચારવા લાગ્યો ૫૦-૬૦ માણસોને રાખ્યા, જમાડ્યા એ પણ માથે પડ્યું.

ઘણે દૂર નીકળી ગયા પછી સંતોએ પૂછ્યું પ્રભુ, તમે વણિકને બચાવવા કરોડ રૂપિયા ભરી દીધા હતા. તો આને એક લાખ રૂપિયા કેમ ના આપ્યા ? પ્રભુ કહે, સાંભળો મારા સંતો એ રૂપિયા એક કરોડ મેં મારા સંતના વચનને સત્ય કરવા ભર્યા હતા. ભલે એ સત્સંગી ન હતો પણ સંત વચને તેણે મારું ભજન કર્યું હતુ એટલે સંતને સાચા ઠેરવવા ભર્યા હતા. તો પછી હવે આનું શું થશે ? પ્રભુ કહે કશું નહિ થાય. જીવશે ત્યાં સુધી અમને યાદ રાખશે એટલે એ રીતે એના હૃદયમાં અમારી ભક્તિનું બીજબળ વધશે અને એનું કલ્યાણ થશે. જો અમે રૂપિયા આપી દીધા હોત તો તે અમને યાદ કરત નહિ. માટે હે સંતો એને અમારું સતત સ્મરણ રહે એ માટે જ અમે આ ચરિત્ર કર્યું.

અને બીજી વાત કે શ્રમ વિનાની સંપત્તિ ક્યારેય સુખ આપતી નથી. મહેનત કરો અને પ્રભુ જે સંપત્તિ આપે તે જ આપણા માટે હિતાવહ હોય છે. માટે તો સોનાની લંકા હનુમાનજીએ બાળી દીધી, અને સોનાની દ્વારિકા ભગવાને દરિયામાં ડુબાડી દીધી. માટે સુખી થવું હોય તો શ્રમ કરો. પરિશ્રમથી જે પ્રાપ્ત થાય તે સુખદાયી બને છે.

●

## કરૂણામૂર્તિ કૃપાનિધિ

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાને સાત વર્ષ સુધી વનવિચરણ કર્યું. વનવિચરણ દરમ્યાન કેટલાય તીર્થો પાવન કર્યા. તપ કરતા જોગી-જતિને દર્શનનું સુખ આપ્યું. અસુરોનો યુક્તિથી નાશ કર્યો. તપમૂર્તિ યોગેશ્વર શ્રીહરિ ''નીલકંઠ વર્ણી''ના નામથી પ્રસિદ્ધ થયા. વર્ણીરાજ વનમાં વિચરણ કરતા તેમને કેટલીક આપત્તિઓ પણ આવતી. આ બધુ વર્ણીરાજ માટે સહન કરવું તે કોઈ મોટી વાત નહતી. પણ એક ઘટના એવી બની ગઈ કે જે પ્રભુ માટે અસહ્ય બની.

વનવિચરણ કરતાં વર્ણીરાજને એક સમયે એક દ્રશ્ય નજરે ચડ્યું. કોઈ રાજા મૃગનો શિકાર કરતો હતો. વર્ણીરાજે તે રાજાની પાસે જઈ કહ્યું, હે રાજન્ ! અહિંસા મોટો ધર્મ છે. ''જીવ પર દયા ભાવ રાખો નિર્દોષ પશુને મારશો નહિ. દયા ધર્મનું મૂળ છે.''

દયા, ધર્મ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન,<br>
તુલસી દયા ન છાંડીયે, જબ લગ ઘટમેં પ્રાણ.''

આ નિર્દોષ પ્રાણીની હિંસા ન કરશો, પરંતુ રાજા શિકાર કરવાના મદમાં હતો. પ્રકૃતિથી અભિમાની હતો. તેથી તેણે પ્રભુની એક પણ વાત કાને ન ધરી સ્વીકારી નહિ. સર્વે ઐશ્વર્ય સંપન્ન ભગવાન છે. કેટલાયને સમાધિ કરાવી છે. સમાધિમાં ભગવાનના ધામના સુખ તથા પાપ કરનારને નરકકુંડની વેદના બધું દેખાડવા સમર્થ છે. પરંતુ આજે કરૂણામૂર્તિ પરમાત્માનું નિર્દોષ પ્રાણીને આ રાજા મારતો હતો તે જોઈને હૃદય દ્રવિ ઉઠ્યું.

એક પછી એક મૃગની હિંસા કરનાર રાજાને વર્ણીરાજે કહ્યું, હે અભિમાની રાજન ! હિંસા કરવાનું મુકી દો નહિંતર જે રાજ્યનું જે પદવીનું તમને અભિમાન છે તેમાંથી તમારે પદભ્રષ્ટ થવું પડશે. તેમ છતાં રાજા વાતને સમજ્યો નહિ. અને વર્ણીરાજના મુખેથી શબ્દો સરી પડ્યા ''બળ્યું આ રાજાનું નગર.''

આટલા શબ્દો જ્યાં પ્રભુનાં મુખે સરી પડ્યા ત્યાં તો જોતજોતામાં રાજાનું નગર ક્ષણવારમાં ભડભડ બળવા માંડ્યું અને થોડીજવારમાં ભસ્મીભુત થઈ ગયું.

ક્ષમામૂર્તિ પરમાત્માને આ દશ્ય જોઈ મનમાં બહુ દુઃખ થયું. અરેરે એક રાજાના પાપે આખાય નગરનો નાશ થઈ ગયો. અને દયાળુ પ્રભુએ તરત જ બીજો સંકલ્પ કર્યો. ''આજથી અમારો તથા અમારા સંતોનો કોઈ પણ શાપ ક્યારે પણ સત્ય ન થાવ. પણ જો કોઈના સુખ માટે શુભ સંકલ્પ થાય તો તે સત્ય થાય. પરંતુ શાપ અપાઈ ગયો હોય તો તે સત્ય ન થાય.

મિત્રો ! સાંભળ્યું ને કેવી મજાની વાત છે. માટે જ ભગવાન કે સંતો ક્યારે પણ પણ કોઈનું ભુંડું ઈચ્છતા નથી. હમેંશા સહુ જીવ પ્રાણી માત્રનું શ્રેય જ ઈચ્છે છે. માટે જે શ્રદ્ધાથી ભગવાનને સંતને શરણે થાય તો તેનું સારૂં અવશ્ય થાય પરંતુ અહિત ક્યારે પણ થતું નથી.

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**“શાશ્વત સુખ પ્રાપ્ત કરવું હોય તો માયારૂપી સ્વપ્નમાંથી જાગવાની જરૂર છે”**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ, ઘોડાસર)

ભગવાનની ભક્તિ કરવા માટે આપણને સૌથી વધારે અડચરણરૂપ શું છે ? તો ‘માયા’ માયા એટલે શું ? તો શ્રીજી મહારાજે પ્ર.પ્ર.ના પ્રથમ વચનામૃતમાં બતાવ્યું છે કે ‘‘ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ.’’ તો માયાની મુખ્ય બે શક્તિ છે. જે આપણને ભગવાનનું ભજન કરવામાં બાધારૂપ છે. (૧) આવરણ શક્તિ (૨) વિક્ષેપ શક્તિ તો આવરણ શક્તિ એટલે જેના દ્વારા આપણું જ્ઞાન ઢંકાઈ જાય છે. એટલે જે વસ્તુ છે તે દેખાતી નથી. અને જે નથી તેનો ભાસ થાય છે. અંધકાર હોય અને રસ્સી પડી હોય તો આપને સાપ હોવાનો ભાસ થાય છે. તેમ આવરણ શક્તિ એટલે એક પ્રકારનો અંધકાર છે. જે સત્ય છે. પરમાત્મા છે. જ્યાં શાશ્વત સુખ છે તે ભૂલાઈ જાય છે. અને ભ્રાંતિથી જગતનું ક્ષણિક સુખ સાચું લાગે છે. એટલે હકીકતમાં આપણે માયાના સ્વપ્નમાં જ છીએ દા.ત. કોઈ એક માણસને સ્વપ્ન આવે છે, અને સ્વપ્નમાં તેને દેખાય છે, કે તે કોઈ એક જંગલમાં જઈ રહ્યો છે અને તેને દસ લાખ રૂપિયા મળે છે. તો તેને સુખની અનુભૂતિ થાય છે. અને થોડીવાર પછી તેની પાછળ વાઘ પડે છે. તો સ્વપ્નમાં તે ખૂબ દુઃખી થઈ જાય છે.અને પછી તે અચાનક જાગી જાય છે. તો તેને ખ્યાલ આવે છે કે આ એક સ્વપ્નમાં ભ્રાંતિ થઈ હતી. હકીકતમાં કાંઈ નથી. તેમ આપણને પણ સંસારમાં થોડીવારમાં સુખ અને દુઃખની અનુભૂતિ થાય છે. છતાં પણ આપણે તેની પાછળ જ દોડ્યા કરીએ છીએ. એટલે આપણે માયાના સ્વપ્નમાં જ જીવીએ છીએ. પરંતુ આપણે દુઃખ ન જોઈતું હોય અને શાશ્વત (કાયમી) સુખ જોઈતું હોય તો માયારૂપી સ્વપ્નમાંથી જાગવાની જરૂર છે. એટલે સત્યને પ્રાપ્ત કરવું હોય તો સતત જાગૃત રહેવું પડે. માટે જે માણસ સંસારના સુખ દુઃખને તુચ્છ માને છે તેને જાગૃત કહેવાય છે. અને જેને સંસારના સુખ મીઠા લાગે છે તે ઉંઘેલો છે. જાગ્રતને પરમાત્મા મળે છે. અને ઉંઘેલાને સંસાર મળે છે. હવે આપણે વિક્ષેપ શક્તિ વિષે જોઈશું. વિક્ષેપ શક્તિ એટલે ભગવાનનું ભજન કરવામાં વિક્ષેપ પડે છે. તેને માયાની વિક્ષેપ શક્તિ કહેવાય છે. કઈ રીતે ? તો આપણને ભક્તિ કરવામાં અનુકુળ સંજોગો અને પ્રતિકુળ સંજોગો બંનેમાં વિક્ષેપ થાય છે. અનુકુળ સંજોગોમાં આળસ થાય છે. વાસના વધે છે અને વધુ મેળવવાની લાલસા થાય છે. જ્યારે પ્રતિકુળ સંજોગોમાં આપણે દુઃખી થઈ જઈએ છીએ. બધો ભગવાન પર આક્ષેપ નાખી દઈએ છીએ કે હું આટલું બધું ભજન કરું છું છતાં પણ મારે આટલું દુઃખ કેમ ? ઘણા લોકો તો પૂજા કરવાનું પણ છોડી દે છે. તો ભગવાન ભજવા માટે પરિસ્થિતિની રાહ ન જોવાની હોય. એવું થવાનું નથી. કેમ કે ? દરિયો હોય તેમાં સ્નાન કરવું હોય તો દરિયાના જે તરંગો આવે તેને સહન કરવાની શક્તિ રાખવી પડે. દરિયો શાંત થાય તેવી અપેક્ષા ન રખાય. દરિયો ક્યારેય શાંત હોતો નથી. તેના તરંગોનો ત્રાસ સહન કરવાની તાકાત જોઈએ. તેવી રીતે આપણે સંસારમાં રહીએ છીએ તો સુખ દુઃખરૂપી અડચણો છે તે હંમેશા ચાલું જ રહેવાની છે. સંસારમાં રહ્યા થકા ગમે તેવી અડચણો આવે તો આપણે ભોજન કરવાનું નથી છોડતા. છોડીએ છીએ ? નહિ ને ? આપણા ઘરમાં ગમે તેવી પરિસ્થિતિ હોય તો આપણને કોઈ સમજાવે કે જમવું તો પડે. થોડું જમી લો તો તરત જમી લઈએ છીએ ને ? તો ભોજન નથી છોડતા તો ભજન પણ ગમે તેવી પરિસ્થિતિમાં છોડવાનું નથી. કેમ કે અંત સમયે ભગવાનનું નામ જ કામ આવે છે. અને માયા ન હોય તો પણ જીવનચક્ર બંધ થઈ જાય છે. પૃથ્વી ઉપર જે ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે તેના અધિષ્ઠાતા જે દેવો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જે આ કાર્યો કરે છે તે કાર્યો માયા દ્વારા થાય છે. માટે માયા જગતમાં જરૂરી પણ છે. કેમ કે ? મા ને પોતાના બાળક પ્રત્યે માયા ન હોય તો મા જન્મ આપ્યા પછી બાળકની સાર-સંભાળ ન રાખે તો શું થાય ? પરિવારના સભ્યોમાં એક બીજા પ્રત્યે મમત્વપણું ન હોય તો એકબીજાને પ્રેમ ન આપે સન્માન ન આપે તો પરિવાર વેરવિખેર થઈ જાય. એટલે જરૂર પુરતી માયા જરૂરી છે. એક બાળકને મા કોઈપણ સ્વાર્થ વગર સાચવે છે. એટલી માયા નડતી નથી. પરંતુ મા બાળક માટે આકુળ વ્યાકુળ અને ભયભીત થઈ જાય છે. ખૂબ ચિંતા કરે છે. તેમ અતિશય માયા નુકશાનકારક છે. માટે સામાન્ય માયાનો વાંધો નથી. અર્થાત્ ફરજો બધી પુરી કરવાની છે. અને માયાથી અલિપ્ત રહેવા માટે શું કરવાનું છે. તો નિર્મોહી બનીને રહેવાનું છે. આપણા ચોકમાં જેમ પક્ષી આવે છે. અને દાણા ચણીને ઉડી જાય છે. ગાય, કૂતરા આવે છે અને રોટલી ખાઈને જતા રહે છે. પછી આપણે આખો દિવસ તેને યાદ કરતા નથી. જેમ દીકરી સાસરે જાય છે તો પિયરમાં તેને કોઈ વસ્તુ વગર કે વ્યક્તિ વગર ચાલતું નહોતું તે બધું સાસરે જઈને ભૂલી જાય છે. તેમ કોઈપણ વ્યક્તિ કે વસ્તુમાં આસક્તિ નથી રાખવાની. જગતના માણસને વસ્તુ પ્રત્યે

પણ આસક્તિ થઈ જાય છે. તેમાં પણ બંધાઈ જાય છે. માટે જાગ્રત રહેવાનું છે. માયા છે ને તે મોટા મોટા માણસોનું પણ પતન કરાવે છે. માટે ઈચ્છા શુધ્ધિ રાખવાની. ઈચ્છા શુદ્ધિ હશે ત્યારે જ કર્મની શુદ્ધિ થશે. ઈચ્છા શુધ્ધિ એટલે નક્કી કરી રાખવાનું છે કે આપણી જીંદગીનું લક્ષ્ય શું છે ? આપણે ક્યાં જવાનું છે ? અને આપણે શું પ્રાપ્ત કરવાનું છે ? જો આપણે એવી ઈચ્છા જાગૃત કરીએ કે આપણે પરમાત્મા પ્રાપ્ત કરવાના છે તો આપણે કર્મ પણ એ જ પ્રમાણે કરીશું જેવી ઈચ્છા હશે તેને પ્રાપ્ત કરવા માટે તેવા પ્રયત્નો થશે. અને કર્મ પણ એવા જ થશે. માટે પ્રબળ નિશ્ચય રાખી પરમાત્માને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવાનો છે. અને માયાને તરવાનો સૌથી સહેલો ઉપાય છે માયા જેની દાસ છે તેના દાસ થઈને રહેવાનું એટલે પરમાત્માની આજ્ઞામાં રહેવાનું છે. ભગવાને કીધુ છે ને કે મારા શરણમાં આવે છે તે મારી માયાને તરી જાય છે. માટે કાયમ પરમાત્માની શરણાગતિ સ્વીકારી રાખવાની અને શ્રીનરનારાયણદેવ પ્રત્યે શુધ્ધ ઉપાસના રાખવાની.

●

### માનવીનું મન મોક્ષ પરાયણ કેમ બને ?

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર કહે છે કે મનનો નિગ્રહ કરવો. મન એ આત્માનુ મિત્ર છે. જો એનો ઉપયોગ કરતા આવડે તો ખરાબ રસ્તે વાળો તો આત્માનો શત્રુ બની જાય છે. તમેજ તમારા શત્રુ છો અને તમે જ તમારા મિત્ર છો. રસોડામાં કેરોસીનનો ડબો ભર્યો હોય, સમજીને વાપરે તો એ કેરોસીન તમને રસોઈ બનાવવામાં મદદરૂપ થાય છે. પણ કોઈ એનો દુરુપયોગ પણ કરે છે. રસોડાની છરીથી શાક સુધારી શકો છો. અને એનો દુરુપયોગ કરો તો જે ચપ્પુ તમારું મિત્ર છે એજ શત્રુ બને છે. માટે મનનો નિગ્રહ કરવો. સયંમી મન આત્માનું મિત્ર છે. અને તૃષ્ણાવાળું મન આત્માનું શત્રુ છે.

''मन एवं मनुष्याणां कारणं बंध मोक्षयोः ।'' માનવીનું મનજ આત્માને જન્મ મરણના ફેરા કરાવે છે. અને મોક્ષ પણ અપાવે છે. તેનું કારણ એટલું જ છે કે ભગવાને તન પહેલા મન રચ્યું. મન એ તનનું બીજ છે. જેવું બીજ હોય છે તેવું ઝાડ થાય છે. અને તેવા જ તેને ફળ આપે છે. તેમ માનવીનું મન જગત પરાયણ હોય તો સંસૃતિ કરાવે છે. અને ભગવાન પરાયણ હોય તો મોક્ષ આપે છે. એટલે કે માનવી જગત પરાયણ કર્મ કરે તો તે માયાબંધન બનીને તેને માથે લખચોરાશીના ફેરા ફરવાના રહે છે. અને જો તે મન સંત સમાગમના યોગે કરીને ભગવાન પરાયણ થાય તો પોતાના માથે રહેલો જન્મ મરણનો ફેરો ટાળી નાખીને કાયમને માટે ભગવાનના અક્ષરધામમાં વાસ થાય છે. માટે મનને ભગવાન પરાયણ રહેવાના સંસ્કાર પાડવામાં આવે તો મન જીતાય છે.

નાનપણમાં જગતપરાયણ સંસ્કાર પાડ્યા હોય અને પછી યુવાનીમાં કે ઘડપણમાં પછી ભગવાન ભજવાનું શરૂ કરે તો તે પાકા ઘડે કાંઠા ન ચડે'' તેમ તેનું ચિત્ત ભગવાન પરાયણ થાય નહિ. ભલે તે ઉપરથી ભગવાનનું ધ્યાન ભજન-સ્મરણ કરતો હોય પણ જ્યારે અંત અવસ્થા આવે ત્યારે તેની કસોટી થાય છે ને તે જીવ જગત પરાયણ હોય તો ભગવાન તેડવા આવ્યા હોય તો પણ તે ભગવાનની સાથે ધામમાં જઈ શકતો નથી. વચમાં જ તેને જગત વાસના જાગે છે તે જીવ ભગવાનથી રહિત થાય છે. ને મોક્ષથી વંચિત રહી જાય છે.

એક બાઈ ભગવાનનું ભજન સ્મરણ અખંડ કરતી હતી. પણ મન જગત પરાયણ રહેતુ. ને તેનામાં કુટવાના સંસ્કાર પડેલા. ને અવ્યક્ત રાગ ગાતી. જ્યારે તેનો અંતકાળ આવ્યો ને શ્રીજી મહારાજ તેડવા આવેલા ને તેને વિમાનમાં બેસાડીને પોતાના અક્ષરધામમાં લઈ જતા હતા ત્યારે તેની પરીક્ષા કરવા માટે શ્રીજી મહારાજે તેને ભૂતડીયો બતાવી. ભૂતડીયો કુટતી હતી. તે દેખીને તે બાઈને પોતાની અંદર રહેલો અવ્યક્ત રાગ જે સ્ફુરી આવ્યો. ને તેને મનમાં એવો વિચાર આવ્યો કે આ ભૂતડીયોને કુટતા આવડતુ નથી. માટે તેને શિખડાવી આવું તે તેનો રાગ એટલો બધો પ્રબળ થયો કે તેનાથી તેનો નિગ્રહ થઈ શક્યો નહિ. તેથી તેને શ્રીજી મહારાજને પ્રાર્થના કરી કે, મને જરી આ ભૂતડીયો ભેગી જવાદો તેને કુટતા આવડતુ નથી તે શીખવાડી આવું. મહારાજે તેને કહ્યું કે, જો તું જઈશ તો તારે તેમાં હજારો વર્ષ રહેવું પડશે. છતાં પણ તેના જગત પરાયણ રાગે ભગવાનથી દૂર કરી નાખી. તેથી શ્રીજી મહારાજને છોડીને ભૂતડીયોને કુટવાનું શીખવાડવા ગઈ તે ગઈ. પછી તેને શ્રીજી મહારાજનો મેળાપ થયો નહિ. તે માટે શ્રીજી મહારાજનું બિરૂદ છે કે,

''મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું,
બિરૂદ મારૂં એ ન બદલે, તે સર્વેજનને જાણવું.''
(ભક્તિ ચિંતામણી પ્રકરણ ૬૮ મું)

એટલે કે શ્રીજી મહારાજનું બિરૂદ છે જે પોતાના ભક્તને તેડવા આવશેજ. પણ જો વાસનિક જીવ મટીને નિર્વાસનિક અને ભગવાન પરાયણ નહિ થયા હોઈએ, તો આપણો જગત સંબંધી રાગ જ અધોગતિ કરાવશે. માટે સંત સમાગમે કરીને જગત સંબંધી રાગ કાઢવાનો પ્રયત્ન કરવો. સંત ના સમાગમે કરીને જેની જગત વાસના નિર્મુળ થઈ ગયેલી છે તેવા માનવીનું મન તેને મોક્ષ આપનારૂં થાય છે. કારણ કે પોતાના

મનને જગત વિષયમાંથી ખેંચીને ભગવાનમાં જોડી શકે છે.

વડતાલમાં શ્રીજી મહારાજ એક સમયે સભા કરીને બેઠા હતા. તે વખતે એક કોળી હરિભક્ત ભગવાન શ્રી સ્વામિનારાયણને પોતાના ખેતરમાં થયેલું ચીભડું લઈને અર્પણ કરવા આવતો હતો. તેના મનમાં થઈ ગયું કે લાવને હું જ ખાઈ જાઉં પણ તેણે પોતાના મન ઉપર કાબુ મેળવીને તે ચીભડું ન ખાતાં ભગવાનને અર્પણ કર્યું. શ્રીજી મહારાજે સભામાં આ કોળી હરિભક્તના વખાણ કર્યા. કે આ ભક્તનું મન સાધુ જેવું છે. તેણે સાધુની પેઠે મનને વશ કરીને આ ચીભડું મને અર્પણ કરેલું છે. માટે તેનું હું સાધુ જેવું કલ્યાણ કરીશ. માટે મન ને જેવું કેળવીએ તેવું થાય. માટે મન નો નિગ્રહ કરીને ભગવાન ભજવા ને મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે તો મોક્ષ મેળવી લેવો. ભગવાન સ્વામિનારાયણે પણ કહ્યું છે કે,

''દાસના દાસ થઈને, વળી જે રહે સત્સંગમાં,
ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં.''

માટે આવી રીતે ભક્તિ પરાયણ માનવીનું મન જ્યારે થાય ત્યારે તે મોક્ષ આપનારૂં બને છે.''

શ્રીજી મહારાજ કહે છે કે, ઘાટ સંકલ્પ કરવા તે તો મનનો સ્વભાવ છે. તેથી તે જગતના ઘાટ કર્યા કરે છે. પરંતુ તે મનને નવધા ભક્તિમાં જોડી દેવામાં આવે તો, નવધા ભક્તિના સંકલ્પો કર્યા કરે છે. માટે ''મન કો મારો નહિ લેકિન મોડો.'' મનને મારો નહિ. પરંતુ તેને સમજાવીને સત્કાર્યમાં અને ભક્તિમાં વાળી દો. મન જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે. પંચવિષયમાં આસક્ત બને તો તે મન બંધનનું કારણ છે. અને ભક્તિમાં તથા સત્કાર્યમાં આસક્ત બને તો મોક્ષનું કારણ છે. મન વૈરાગ્ય અને અભ્યાસથી જ વશ થઈ જાય છે. અભ્યાસ તે ક્યો ? અભ્યાસ એટલે નિયમમાં રહેવું તે, નિયમ એટલે આંખથી પ્રભુના અને સંતો-ભક્તોનાં જ દર્શન કરવા. તે વિના દ્રષ્ટિને સ્ત્રી આદિકમાં અને રમણીય સ્થાનો જોવામાં આસક્તિ કરવી નહિ. ચામડી સુંવાળા સ્પર્શ ઈચ્છે તો તેનું માનવું નહિ. કાન ફિલ્મનાં ગીત સાંભળવાની ઈચ્છા કરે તો તેને સંભળાવવાં નહિ અને નાક પણ સારી સુગંધીને માગે તો તેને પણ આપવી નહિ. આ રીતે નિયમરૂપી અભ્યાસ કરવામાં આવે તો તે મન ભક્તિમાં આસક્ત બનીને મોક્ષ પરાયણ બને છે.

જેનું શરીર બગડે છે તેનો આ ભવ (જન્મ) બગડે છે. પરંતુ જેનું મન બગડે છે તેના તો અનંત ભવો બગડે છે. બગડેલા તનના ભાગ કદાચ બદલી શકાય. પરંતુ બગડેલા મનને કદીપણ બદલી શકાશે નહિ. પરમાત્મા પવિત્ર મનને જુએ છે તનને નહિ. શરીર ઉજળું અને મન કાળુ રહે એના કરતા શરીર કાળું અને મન ઉજળું રહે તે ઉત્તમ છે. પ્રભુએ શબરીના તન સામું કે તેના કપડાં સામુ જોયું નથી. વિદુરજીની ઝુંપડી સામું જોયું નથી. સગરામ વાઘરીની જાતિને જોઈ નથી. પ્રભુએ તો શબરીના વિદુરજીના અને સગરામ ભક્તના મનને જોયું હતું. તેથી મનને પવિત્ર રાખો. મનને સાચવે તેજ મુમુક્ષુજીવ. માટે મનને અખંડ લીલાચરિત્રોમાં જોડી દેવું અને નવપ્રકારની ભક્તિમાંથી નવરા ન થવું. આવી રીતે ભક્તિ પરાયણ ભગવાન પરાયણ બનશે ત્યારેજ મોક્ષ પરાયણ બનશે.

●

**સાચું સુખ શ્રીહરિના ચરણમાં છે**

- સાંખ્યયોગી ગીતાબા (વિરમગામ)

જગતમાં સર્વે મનુષ્યોને સુખ પ્રિય છે. દુઃખ કોઈને ગમતું નથી. દુઃખને દૂર કરવા સૌ પ્રયત્ન કરે છે છતાં પણ દુઃખ દોડતું આવે છે. એક મહાત્માજી હતા તે વનમાં તપ કરે અને પ્રભુના નામના મંત્રનો જાપ કરે. પછી તેમણે વિચાર કર્યો. આંહી જંગલમાં કોઈ માણસ મારી પાસે આવતું નથી તેથી મજા નથી આવતી સાવ એકલા શું કરવું ? વનમાંથી ચાલતા થઈ ગયા. અયોધ્યાનું વન છોડીને એક ગામમાં આવ્યા. હનુમાનજીનું મંદિર હતું ત્યાં પૂજા કરે અને પ્રભુનું ધ્યાન કરે. ગામ દૂર હતું તેથી કોઈ દર્શન કરવા આવે નહિ. હવે શું કરવું? આંહી પણ કોઈ આવતું નથી. પાછું એજ દુઃખ રહ્યું તેથી સુખ જોવા નીકળ્યા. સુખીયા કોણ હશે ?

એક શહેરમાં આવ્યા. સાત માળનો ભવ્ય બંગલો જોયો અને વિચાર્યું. આની ઉપર ભગવાનની પુરેપુરી દયા લાગે છે. એ ચોક્કસ સુખી હશે. બંગલા પાસે ઉભા રહ્યા. શેઠે બોલાવ્યા પધારો પધારો મહાત્માજી ? તમારા પગલાથી અમારૂ ઘર પાવન થયું. પછી નિરાંતે બેઠા. ત્યારે મહાત્માજી બોલ્યા તમને એક વાત પૂછવા આવ્યો છું તમે બધા સુખી છો ને ! ત્યારે શેઠની આંખમાં આંસુ ભરાઈ આવ્યા. મહાત્માજી ! પૈસા પુષ્કળ છે. સાત માળનો બંગલો છે. દશબાર ગાડીઓ છે. નોકર ચાકર છે. ખાધે પીધે સુખી છીએ. પણ ઘરમાં કોઈ બાળક નથી તેનું મોટુ દુઃખ છે. બાળક વિના બંગલા સ્મશાન જેવા લાગે છે. મારા દુઃખનો કોઈ પાર નથી. સંસારીનું ઘર બાળકોથી શોભે. ત્યાંથી મહાત્માજી ચાલતા થયા. એક સોનીની મોટી દુકાન હતી. તેમાં અનેક હીરા માણેક ને સુવર્ણના દાગીના હતા. તે ઝવેરીને પૂછ્યું તમે બધી વાતે સુખી છો ને ? બાપજી ધંધો બહુ સારો ચાલે છે. પૈસા ઘણા છે. રહેવા માટે મજાનું મકાન છે. પત્ની કહ્યાગરા ને વિવેકી છે. પણ એક વાતનું મોટુ દુઃખ છે બે દીકરા છે પણ મહાદુષ્ટ છે. મને લાકડી લઈને સામા થાય છે. બાપુજી તમે પાગલ થઈ ગયા છો. મને પાગલ કહીને બોલાવે છે. વ્યસનમાં ભરપુર છે. ક્યારેક મારી પણ લે છે, કહેવાતુ નથી ને સહેવાતું નથી. હું તો બહુજ દુઃખી છું. આના કરતા દીકરા ન હોત તો સારું.'' એમ કહી ખૂબ રડવા લાગ્યા.

ત્યાંથી મહાત્માજી નગરશેઠ લક્ષ્મીચંદ શેઠના બંગલા પાસે આવ્યા. શેઠે સ્વાગત કર્યું. મહાત્માજીને થયું રાજ મહેલ ટપી જાય એવી જાહોજહાલી છે. ધન સંપત્તિ બાગ બગીચા નોકર ચાકર ઘણા છે. ચાર સુપાત્ર દીકરા છે. આ જરૂર સુખી હશે. નગરશેઠને પૂછ્યું. આપ સુખી છો ને ? બાપજી બધી વાતે સુખી છું પણ એક દુ:ખનો પાર નથી. આજ દશ વરસ થયા લકવાથી પીડાઉ છું. દવા ઉપર જીવું છું. ભોજન જમી શકતો નથી. ચોધાર આંસુએ રડી પડ્યા. ચાલી શકાતું નથી. શરીર કાબુમાં નથી. ત્યારે મહાત્માજી કહે, જ્યાં જાઉં ત્યાં દુ:ખી જ લોકો દેખાય છે. તો સુખી કોણ હશે ? ત્યારે નગર શેઠ બોલ્યા હું બહાર ગામ જઈ શકતો નથી પણ બધા લોકો કહે છે હમણા અયોધ્યાથી એક મહાત્માજી આવ્યા છે તે હનુમાનજીની પૂજા કરે છે તે બહુ સુખી છે. તે નિરાંતે હરિ સ્મરણ કરે છે. કોઈ ઉપાધિ નથી. મહાત્માજી આવુ સાંભળી ચમકી ગયા. હું સુખી માણસ શોધવા નિકળ્યો છું પણ હકીકતમાં હું પ્રભુની કૃપાથી બહુ સુખી છું. પ્રભુનું નામ સ્મરણ કરવું ધ્યાન ધારણા પૂજા, પાઠ કરું છું તેમાં જ સાચું સુખ છે.

તુલસીદાસજી કહે છે :

સુરપુર નરપુર નાગપુર, એ તીનમાં સુખ નહી
કાં સુખ હરિ કે ચરણમેં, કાં સંતન કે માહિ

સાચું સુખ તો હરિના ચરણમાં અને સંત સમાગમમાં છે. બાકી તો સ્વર્ગ મૃત્યુ કે પાતાળ પર્યંત ચૌદ લોકના રાજ્યને વિષે પણ સુખ નથી.

માટે આપણને મહારાજે પધરાવેલ દેવ મળ્યા છે. શ્રીજી મહારાજે સ્થાપિત કરેલ ધર્મકુળ મળ્યુ છે. મહારાજના દીક્ષીત સાધુ ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, જેવા સંતો મળ્યા છે. શ્રીજી મહારાજે માન્ય કરેલ ગ્રંથ આપણી પાસે છે. માટે એક ટેક વાળા બનજો.

જીવનમાં એક જ રંગ રાખવો, કાંચીડાની જેમ રંગ બદલાવવો નહી. બોલવાનું જુદું અને કરવાનું જુંદું એવુ કપટ ન કરવું. સ્વામિનારાયણ ભગવાને આપણને પોતાના રાજકુંવર બનાવ્યા છે. શ્રી નરનારાયણદેવને મુકીને ક્યાંય આડા અવળા જવાય નહી તેનું ધ્યાન રાખજો. અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે. આવો અવસર વારે વારે મળતો નથી. માટે ખૂબ વિચારજો.

●

## વટલોઈ વેરો

- આનંદીબેન વિષ્ણુભાઈ પટેલ (ગુલાબપુરા)

ઈડરના રાજ્યમાં ગંભીરસિંહ મહારાજાએ સને ૧૭૯૧ થી ૧૮૩૩ સુધી રાજ કર્યું. ઈડર રાજ્યમાં બ્રાહ્મણોની ઘણી વસ્તી હતી. તેમાનાં ઘણા લોટ ઉઘરાવીને જીવન નિર્વાહ કરતા હતા. ગંભીરસિંહે લોટ ઉઘરાવવા ઉપર વેરો નાખ્યો. જે વટલોઈ વેરો કહેવાયો. બ્રાહ્મણો આથી ત્રાસી ગયા. તેમણે મહારાજાને ઘણી આજીજી કરી પણ વેરો કાઢ્યો નહિ. તે સમયે ખુશાલ ભટ્ટ ટોરડામાં રહેતા હતા. આસપાસના વિસ્તારમાં 'પ્રતાપી પુરુષ' તરીકે ઓળખાતા હતા. તેથી બ્રાહ્મણો તેમની પાસે ગયા અને રાજ્યના વેરાના જુલમ વિષે વિતક કથા કહી સંભળાવી. તે સાંભળી બ્રાહ્મણો સાથે ખુશાલભાઈ ઈડર ગયા અને મહારાજાને વેરો કાઢી નાખવા વિનંતી કરી પણ મહારાજા એકના બે થયા નહિ. ત્યારબાદ ખુશાલભાઈ અને બ્રાહ્મણો ઈડર ગામની પૂર્વ વાવ છે ત્યાં ગયા અને વૃક્ષ નીચે મુકામ કર્યો. સંધ્યા-વંદન અને નારાયણ ધૂન કરી. ત્યાં તો રાજમંડળ સહિત રાજા, પ્રજા સર્વેના મળ-મૂત્ર તત્કાળ બંધ થઈ ગયા ! રાજાને લાગ્યું કે એ બ્રાહ્મણોના અપરાધથી આમ બન્યું હોવું જોઈએ. તેથી ખુશાલભાઈને ત્યાં બોલાવીને ક્ષમા માગી અને વેરો બંધ કર્યો. ત્યારે સર્વેના મળ-મૂત્રનો ખુલાસો થયો. પછી મહારાજા ખુલાશભાઈના આશ્ચર્યથી પ્રભાવિત થઈ એમના શિષ્ય થયા. તે વર્ષે વરસાદ થયો નહોતો. મહારાજાએ ખુશાલભાઈને રાજ્યમાં વરસાદ થાય તે માટે વિનંતી કરી. ખુશાલભાઈએ યોગબળથી સારા રાજ્યમાં વૃષ્ટિ કરી સુકાળ કરી આપ્યો. તેથી મહારાજા ઘણા ખુશી થયા. તેમને દરેક વાતે સુખ હતું. પણ પુત્ર ન હતો જેથી ખુશાલભાઈને કહુ તો અમારો વંશ ચાલુ રહે, જેથી ખુશાલ ભટ્ટને કહ્યું આપ કૃપા કરો તો મારે ત્યાં પુત્ર થાય. તો તમારે રહેવા માટે અહીં એક મોટી હવેલી બંધાવી આપું. અને ખર્ચ સારુ એક ગામ પણ આપું. અને તમને અમારા 'રાજગુરુ' ના સ્થાને સ્થાપું.'' ત્યારે ખુશાલ ભટ્ટે કહ્યું, અમારે રાજગુરુ થવું નથી. અમારે ગામ નથી જોઈતું. અમે તો ગરીબના ગુરુ બનીશું. ત્યારબાદ તેમણે મહારાજાને કહ્યું, હે રાજન, માણસા રાજ્યમાં ભરતસિંહ રાઓલની (ચાવડા) દીકરી ફુલકુંબરબા છે તેમની સાથે તમે લગ્ન કરો. તેમનાથી તમને પુત્ર થશે. એવા મારા આશીર્વાદ છે. આમ કહી ખુશાલભાઈ ત્યાંથી ચાલી નીકળ્યા.

ખુશાલભાઈના વચન પ્રમાણે ગંભીરસિંહે માણસાના ભરતસિંહ ઉપર પત્ર મોકલ્યો અને ભરતસિંહે ફુલકુંવરબાને ઈડરના ગંભીરસિંહ જોડે પરણાવ્યા. આ લગ્નથી ખુશાલભાઈના આશીર્વાદ પ્રમાણે જુવાનસિંહ નામે કુંવરનો જન્મ થયો. ફુલકુંવરબાને ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરવા સારું ગંભીરસિંહે પથ્થરનું ત્રણ શિખરનું મંદિર ઈડરમાં પર્વતની તળેટીમાં બંધાવ્યું. રાણી પોતાના રાજમહેલના ઝરૂખામાં દર્શન કરી શકે તેવી રચનાવાળું મંદિર બનાવ્યું.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

**પ્ર. : ૧** ''જે સત્સંગનો દ્રોહી હોય, પરમેશ્વરનું અને મોટા સંતનું ઘસાતું બોલતો હોય તેને તીખા બાણ જેવું વચન મારવું પણ વિમુખની આગળ નિર્માની થવું નહિ.'' ક્યા વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે ?

**પ્ર. : ૨** કુંડલના રાઈબાના ત્રણ દીકરાના નામ શું હતું ?

**પ્ર. : ૩** મૈયૈયો પટગર સાધુ થવા ભુજ નગરમાં ગયા અને પછી પાછા આવ્યા ત્યારે માતા રાઈબાઈએ શું કહ્યું ?

**પ્ર. : ૪** ઈન્દ્રાજાએ વિશ્વરૂપનું મસ્તક કાપી નાખ્યુ તેથી ત્વષ્ટા પ્રજાપતિને ખૂબ દુઃખ થયું તેમણે યજ્ઞ કરી યજ્ઞકુંડમાંથી વૃત્રાસુરને ઉત્પન્ન કર્યોને દેવોને પારાવાર ત્રાસ આપવા લાગ્યો. દેવોએ ક્યા ઋષિનાં અસ્થિનું (હાડકાનું) વજ્ર બનાવીને માર્યો.

**પ્ર. : ૫** ''હે મહારાજ ! કોઈક પુરુષમાં ક્રોધાદિક ભૂંડા સ્વભાવ હોય તે ટળે કે ન ટળે ?'' - વચનામૃતમાં આ પ્રશ્ન કોણે પૂછેલ છે ?

**પ્ર. : ૬** ''भवसम्भवभीती भेदनम्'' આ સુંદર સ્તોત્રના રચયિતા કોણ છે ?

**પ્ર. : ૭** ''સૂતા ઉઠી રે સમરું સહજાનંદ કે વેણલા ભલે વાયા રે'' - આ સુંદર કીર્તન કોણે ગાયુ છે ?

## ફેબ્રુઆરી-૨૦૧૨ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** ૧૩૨ મો શ્લોક. **(૨)** तुलसीकाष्टसम्भूते ! माले ! कृष्णजनप्रिये । बिभर्मि त्वामहं कष्ठे कुरु मां कृष्णवल्लभम् ॥ **(૩)** જેને દઢ બ્રહ્મચર્ય હોય ને સર્વે ઈન્દ્રિયો વશ હોય ને વિકારનો હેતુ છતાં અંતઃકરણ નિર્વિકાર રહે તેને યતિ જાણવો. **(૪)** મોટા પુરુષની સેવા ને પ્રસંગ હોય તો આવે છે. **(૫)** સત્તશાસ્ત્રનો ગુટકો **(૬)** ''કેસરમીયાએ હાંક મારી કે, ''ખબરદાર જો મારા ઈષ્ટદેવ વિષે કાંઈ બોલ્યો છે તો તારું માથું ઉતારી લઈશ.'' **(૭)** સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી.

૧. સાં. કોકિલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૨. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૩. પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૪. ખંધડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૫. ડાભી પ્રભાતસિંહ કેસરજી (ડાંગરવા)
૬. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૭. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૮. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૯. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૧૦. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૧૧. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૧૨. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૧૩. પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૧૪. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુર)
૧૫. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (અમદાવાદ)
૧૬. પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૧૭. ભાવસાર વીણાબેન (અમદાવાદ)
૧૮. ભાવસાર અરવિંદાબેન એન. (અમદાવાદ)
૧૯. સાં. કંચનબા, હિરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૨૦. સાં. મજુબા, ભારતીબા (અમદાવાદ-હવેલી)
૨૧. સાં. રંજનબા તથા નાનીબેન (વિરાટનગર)
૨૨. સાં. શિલ્પાબા, શિતલબા (અમદાવાદ-હવેલી)
૨૩. ભાવસાર કપિલાબેન નટવરલાલ (લાંઘણજ)
૨૪. ભાવસાર સુમિત્રાબેન નરેશભાઈ (વિસનગર)
૨૫. આદ્રોજા માધવજીભાઈ હરખજીભાઈ (મોરબી)
૨૬. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)
૨૭. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૨૮. સાંખ્યયોગીબાઈઓ (બહેનોનું મંદિર મોરબી)
૨૯. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૩૦. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૩૧. ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ધુંટું-મોરબી)
૩૨. તૃપ્તિબેન, કંચનબેન (રતનપર)
૩૩. સાધુ ચંદ્રપ્રકાશદાસ (માણસા)
૩૪. શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા)
૩૫. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૩૬. પટેલ પલાસ શશીકાંતભાઈ (ગોધરા)
૩૭. કાછીયા રૂપલબેન કંચનલાલ (લુણાવાડા)
૩૮. પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)
૩૯. કા. પટેલ નિરવકુમાર દિનેશભાઈ (લુણાવાડા)
૪૦. કા. પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૪૧. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૪૨. કોઠારીશ્રી મારુસણા
૪૩. કા. પટેલ વાસુદેવ હરિપ્રસાદ (લુણાવાડા)
૪૪. પરમાર ભાનુબેન બી. (બોડકા)

# સત્સંગ સમાચાર

## પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૦ મો પાટોત્સવ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયમાં સૌ પ્રથમ શ્રીનગર અમદાવાદમાં મંદિરનો સંકલ્પ કર્યો અને એરણ સાહેબે પાઠકવાડી તરીકે (હાલ મંદિર છે ત્યાંજ) ઓળખાતી જગ્યા જે સ્વયં મહારાજે પસંદ કરેલી તે સુંદર ભૂમિ મંદિર નિર્માણ માટે તાંબાના પતરા ઉપર શ્રી સહજાનંદ સ્વામીના નામનો પાકો દસ્તાવેજ કરી અર્પણ કરી. જ્યાં મહારાજની આજ્ઞાથી સ.ગુ. આનંદાનંદ સ્વામીએ શિલ્પ સ્થાપત્યનું બેનમૂન મંદિર નિર્માણ કરાવ્યું. સં. ૧૮૭૮ ના ફાગણ સુદ-૩ ના સર્વોપરિ શ્રીહરિએ સ્વયં બાથમાં લઈ ભરતખંડના રાજા ધિરાજ સ્વસ્વરૂપ એવા શ્રી નરનારાયણદેવ પધરાવી પ્રતિષ્ઠા કરીને મોક્ષ અને કલ્યાણનું દ્વાર ખુલ્લું મૂક્યું ! શ્રીજી મહારાજે શ્રીનરનારાયણદેવના પથ્થરના ઉંબરે ઘણીવાર સુધી બેસીને હજારો ભક્તજનો સામી દ્રષ્ટિ કરીને કહ્યું કે આ સ્વરૂપમાં અને અમારામાં લગારેય ફેર ન સમજશો. એવા આ શ્રી નરનારાયણદેવનો ૧૯૦ મો પાટોત્સવ મહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂજ્ય સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શન અને પ્રેરણાથી પાટોત્સવના યજમાન અ.નિ. પ.ભ. મહાસુખલાલ જેઠાલાલ સોની, અ.નિ. પ.ભ. તારાબેન મહાસુખલાલ સોની પરિવારના પ.ભ. જીતેન્દ્રભાઈ મહાસુખલાલ સોની (પાટણવાળા) હ. પુત્રો શ્રી ધિરેનભાઈ, શ્રી અલ્કેશભાઈ, શ્રી મિતેષભાઈ આદિ પરિવારે મહા અલૌકિક લાભ લીધો હતો.

પૂ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી અને ભુજ (કચ્છ)ના સંતોની પ્રેરણાથી સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત **ધીરજાખ્યાન પંચાન્હ પારાયણ** ગામ સુખપર (કચ્છ)ના અ.નિ. પ.ભ. હિરજીભાઈ દેવજીભાઈ હિરાણી, અ.નિ.પ.ભ. રતનબાઈ હિરજીભાઈ હિરાણી, અ.નિ. પ.ભ. જયંતીભાઈ ધનજીભાઈ હિરાણીના સ્મરણાર્થે પુરબાઈ જયંતીભાઈ હિરાણી, પ.ભ. ધનજીભાઈ હિરજીભાઈ હિરાણી, અ.સૌ. કાંતાબેન ધનજીભાઈ હિરાણી, પ્રેમજીભાઈ ધનજીભાઈ હિરાણી, જસુબેન પ્રેમજીભાઈ હિરાણી, જગદીશભાઈ ધનજીભાઈ હિરાણી, ભાવનાબેન જગદીશભાઈ હિરાણી (પૌત્ર કલ્પેશ, નારાયણ, તેજશ) આદિ પરિવારના યજમાનપદે અને સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિશ્વવિહારીદાસજી ગુરુ સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજીના વક્તાપદે અને સ.ગુ. સ્વામી હરિપ્રસાદદાસજી અને સ.ગુ. પુરાણી (કથાકાર) ધર્મજીવનદાસજીની સહિંતા પાઠમાં બિરાજમાન થયા હતા. સતત પાંચ દિવસ પર્યન્ત યજમાન પરિવાર અને શ્રોતાગણને વક્તા મહોદયે કથારસમાં સંગીતના મધુર સુરાવલીના સૂરે તન્મય અને રસ તરબોળ કરી દીધા હતા. પાટોત્સવના યજમાન પરિવારે તા. ૨૩-૨-૧૨ના રોજ સવારે ૮ થી સાંજના ૫ સુધી મહાપૂજા અને શ્રીહરિયાગનો અલૌકિક લાભ લીધો હતો.

ફાગણ સુદ-૩ ત્રીજના પ્રાતઃ ૬-૩૦ કલાકે શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજ ધર્મકુળ પરિવારના વરદ્ હસ્તે શ્રી નરનારાયણદેવનો ષોડશોપચાર મહાભિષેક શાસ્ત્રોક્ત અને વેદ વિધિસર ખૂબજ ઉમંગ અને ઉલ્લાસભેર સંપન્ન થયો. જેના દર્શન હજારો ભક્તજનોએ કર્યા અને તે ધન્ય અને ભાગ્યવાન બન્યા ! પાટોત્સવના યજમાનોની લાંબી ક્યુ છે. દરેકને યજમાન બનવું છે. પણ મહારાજે જેનું નામ નક્કી કર્યું તેનો વારો વહેલો આવે. પ્રાસંગિક સભામાં પાટોત્સવ અને પારાયણના યજમાનોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી ભેટ ધરી આશીર્વાદ મેળવ્યા હતા. તેજ રીતે હવેલીમાં પણ યજમાન પરિવારના બહેનોએ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજાનું પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

દિવ્યતમ સભામાં પૂ. મહંત સ્વામીએ મંગલ ઉદ્બોધન કરતા પાટોત્સવના યજમાન અને પારાયણના યજમાનોની સેવાને બિરદાવી સુંદર વ્યક્તવ્ય કર્યુ હતું. સભા સંચાલન સ.ગુ. શા.સ્વામી નારાયણવલ્લભદાસજીએ સુંદર રીતે શોભાવ્યું હતું.

પ.ભ. જયેશભાઈ સોની (ગાયક કલાકારશ્રી)એ કીર્તન ભક્તિનો સુંદર લાભ આપ્યો હતો. પ્રાસંગિક સભામાં સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજી, સ.ગુ.શા. સ્વા. આનંદજીવનદાસજી, શા. સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી, બ્ર. સ્વા. વાસુદેવાનંદજી, શા. નારાયણમુનિ સ્વામી અને શા.સ્વામી અભયપ્રકાશદાસજી આદિ વિદ્વાન સંતોએ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવનો મહિમા માહાત્મ્ય સુંદર રીતે વર્ણન કરી સમજાવ્યું હતું.

આ પ્રસંગમાં સ.ગુ. શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીએ પણ સુંદર સેવા બજાવી હતી. ત્યારબાદ અ.નિ. સ.ગુ. બ્ર. સ્વામી દામોદરાનંદજી કૃત સુબોધ સાગર (પ્રકાશક બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી ગુરુ બ્ર. સ્વા. હરિપ્રિયાનંદજી)ની હિન્દી આવૃતિ જેનું પરિમાર્જન પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે થયું છે. જેનું વિમોચન પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયું અને ''વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ'' જે પ.પૂ. મોટા મહારાજશ્રીએ સ્વંય હસ્તાક્ષરમાં સંકલિત કરેલા તે સંપૂર્ણ શ્રી નરનારાયણદેવના માહાત્મ્યના **વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ''** પુસ્તિકા જે પ.ભ. કીરીટભાઈ ચિમનભાઈ પરીખના સહયોગ અને સૌજન્યથી આપણા મંદિર દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. જેનું પણ વિમોચન પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું હતું પૂ. બ્ર. રાજેશ્વરાનંદજી સ્વામી અને પ.ભ. પરીખ સાહેબને પ.પૂ. મોટ મહારાજશ્રીએ અને પ.પૂ. મહારાજશ્રીએ રાજીપાનો હાર

પહેરાવ્યો હતો.

છેલ્લે યજમાન પરિવારો અને સભાને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શ્રીનરનારાયણદેવનો દ્રઢ આશરો રાખવા ઉપર ખાસ ભાર પૂર્વક જણાવી રૂડા આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા હતા.

આ પ્રસંગની સેવામાં કોઠારી પાર્ષદ દિગંબર ભગત, બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી, જે.કે. સ્વામી, ભંડારી સૂર્યપ્રકાશદાસજી, યોગી સ્વામી, બળદેવ સ્વામી, નટુ સ્વામી, આદિ સંત મંડળ અને અમદાવાદ શ્રીનરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણાત્મક હતી. શ્રીનરનારાયણદેવના સુવર્ણ સિંહાસનમાં ઘણા હરિભક્તોએ સેવા નોંધાવી હતી. તે સૌ ભક્તોને અનેકાનેક ધન્યવાદ છે. (નારાયણમુનિ સ્વામી)

**અમદાવાદ શ્રી નરનારાયણદેવ તાબાના પ્રાંતિજ શ્રીસ્વામિનારાયણ મંદિર રજત શતાબ્દી મહોત્સવની ઉજવણી (૧૨૫ વર્ષ)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાંતિજના ઠાકોરજીનો રજત શતાબ્દી મહોત્સવ તા. ૬-૫-૧૨ થી તા. ૧૦-૫-૧૨ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ, ધર્મકુળ દર્શન, શ્રી મહાવિષ્ણુયાગ અને શ્રી ધર્મદેવ ભક્તિમાતા હરિકૃષ્ણ મહારાજ અને શ્રી રાધાકૃષ્ણદેવનો મહાભિષેક, છપ્પન ભોગ અન્નકૂટ આદિ પ્રસંગો ધામધૂમથી ઉજવાશે. (મહંત સ્વામી, પ્રાંતિજ)

**નારાયણઘાટ મંદિરનો ૧૬ મો પાટોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા નારણઘાટ મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી કુંડાળના કલાભગતના વંશજ પ.ભ. અમૃતભાઈ સેંધાભાઈ પટેલ, ચિ. મનોજભાઈ અને ચિ. રાકેશભાઈ પરિવારના યજમાન પદે શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજનો ૧૬ મો પાટોત્સવ મહોત્સવ મહાવદ-૫ ના રોજ ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

પ્રાતઃ ૬-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો મહાભિષેક વેદ વિધિસર ષોડશોપચાર પૂર્વક થયો હતો. ત્યારબાદ શણગાર અને અન્નકૂટ આરતી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ઉતારીને હજારો ભક્તજનોને દર્શનનો મહાલાભ આપ્યો હતો. ત્યારબાદ સભામાં પધાર્યા હતા.

પ્રાસંગિક સભામાં યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી આદિ સંત મંડળે દેવ અને ધર્મકુળનો મહિમા સમજાવ્યો હતો. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. સ.ગુ. શા.સ્વામી રામકૃષ્ણદાસજી, શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી, પૂજારી બાલુ સ્વામી આદિ સંત મંડળ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે (નારાયણઘાટ) ખડે પગે સેવા બજાવી હતી.

(શા. દિવ્યપ્રકાશદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણામાં ત્રીજો પાટોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અત્રેના મહાન ભક્તરાજ કશળીબાઈની પ્રેમભક્તિને વશ થઈ શ્રીહરિએ એકાદશીના ખીચડીના દાતણ કરાવ્યા હતા તેવી પવિત્ર ભૂમિ મહેસાણા મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રી ઘનશ્યામ મહારાજ આદિ દેવોનો તૃતિય વાર્ષિક પાટોત્સવ મહાવદ-૨ના રોજ ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૭-૨-૧૨ થી તા. ૯-૨-૧૨ પર્યન્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રી પુરુષોત્તમપ્રકાશ ગ્રંથની ત્રિદિનાત્મક કથા પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ના વક્તાપદે સંગીતના તાલે સુમધુર કંઠે હજારો શ્રોતાઓને કથામૃતપાન કરાવ્યું હતું. આ પ્રસંગે ત્રિદિનાત્મક શ્રીહરિયાગનું પણ સુંદર આયોજન થયું હતું. જેમાં ૭૫ જેટલા યજમાનોએ જેતલપુરમાં મહારાજે જેવો યજ્ઞ કરેલો તેવા મહાન યજ્ઞ તુલ્યનો મહાલાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું.

તા. ૮-૨-૧૨ ના રોજ ઠાકોરજીનો રાજોપચાર વિધિવત થયો હતો. જેમાં ઠાકોરજીને વાઘા વસ્ત્ર, અલંકાર, છત્ર, ચમર, છડી ગાય, વાછરડું, હાથી, ઘોડા વગેરે પદાર્થો યજમાનશ્રી તરફથી અર્પણ કરવામાં આવ્યા હતા. આવા અદ્‌ભુત દર્શન જેણે જેણે કર્યા તે બડભાગી બની ગયા.

મહાવદ-૨ તા. ૯-૨-૧૨ ના રોજ ઠાકોરજીની મંગળા આરતી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો મહાભિષેક વિધિવત ષોડશોપચાર પૂર્વક થયો હતો. આવા દેવ દુર્લભ દર્શને ધામોધામના બ્રહ્મનિષ્ઠ સંતો અને હજારો મુમુક્ષોએ પધારીને મહાલાભ લીધો હતો.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અભિષેક વિધિ કરીને યજ્ઞશાળામાં પધાર્યા અને શ્રીયજ્ઞનારાયણ દેવ સામે બિરાજમાન થઈ યજ્ઞમાં ઘી અને શ્રીફળ હોમી આહુતિ આપી યજ્ઞની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. ત્યારબાદ સભામાં પધાર્યા હતા. જેમાં અત્રે મંદિરના મહંત સ.ગુ. સ્વામી નારાયણપ્રસાદદાસજીએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત પૂજન કર્યું હતું. ત્યારબાદ સંપૂર્ણ પાટોત્સવના યજમાન પ.ભ. રણછોડભાઈ લાલજીભાઈ પટેલ (મહેસાણા) ચિ. સુપુત્ર ડૉ. આશિષભાઈ અને વૈભવભાઈએ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ

અત્રે પધારેલા સંતોનું પૂજન કર્યું હતું. પ્રાસંગિક સભામાં જેતલપુર, માણસા, જયપુર, કાંકરિયા, ઈડર, અમદાવાદ, લાલોડા, પ્રાંતિજ અને શોકલી આદિ ધામોધામથી પધારેલા બ્રહ્મનિષ્ઠ સંતોએ અમૃતમય વાણીનો સુંદર લાભ આપ્યો હતો. છેલ્લે આપણા સૌના ધર્મગુરુ એવા શ્રીહરિના અપર સ્વરૂપે અતિ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. સભામાં આગામી ૬ વર્ષના વાર્ષિક પાટોત્સવના યજમાનપદનો જેમને લાભ મળ્યો તેમને પ.પૂ. મહારાજશ્રીએ પ્રસન્નતાનો હાર પહેરાવી રાજી થયા હતા. સમગ્ર મહોત્સવનું આયોજન પૂ. સ.ગુ.શા. સ્વામી આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી મહંત સ્વામી કે.પી. સ્વામી, રામેશ્વર સ્વામી અને વયોવૃદ્ધ શ્યામ સ્વામીના માર્ગદર્શનથી સુંદર રીતે સાંગોપાંગ થયું હતું. સભા સંચાલન શા.સ્વામી દેવસ્વરૂપદાસે (જયપુર મહંતશ્રી) સુંદર રીતે કર્યું હતું. ઉત્તર ગુજરાતના સર્વે ભક્તોએ દેવ દુર્લભ દર્શન કરી પ્રસાદ લઈ ધન્યભાગી બન્યા હતા. (પૂજારી રામેશ્વરદાસ)

**બાપુપુરા ગામના મંદિરનો ૩૧ મો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી અને સ.ગુ. દેવ સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા અને માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાપુપુરાનો ૩૧ મો પાટોત્સવ અને તેના ઉપલક્ષમાં ધીરજાખ્યાન પંચદિનાત્મક રાત્રી પારાયણ સ.ગુ.શા.સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે તા. ૪-૨-૧૨ થી તા. ૮-૨-૧૨ પર્યન્ત યોજાઈ હતી.

આ પ્રસંગે અમદાવાદથી પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે પધારીને ખૂબજ રાજી થઈ દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું.

પૂર્ણાહુતિના દિને તા. ૮-૨-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. શોભાયાત્રા અત્રેના ભાઈઓના મંદિરે આવી વિરામ પામી હતી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ભાઈઓ-બહેનોના મંદિરમાં અન્નકૂટની આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. જ્યાં કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારીને સેવા કરનાર ભક્તજનોને બિરદાવ્યા હતા. ત્યારબાદ પધારનાર સંતો બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી, સ.ગુ. શા. ઘનશ્યામ સ્વામી, સ્વામી શ્રીવલ્લભદાસજી આદિ સંતોએ પધારી આશીર્વાદ આપ્યા હતા.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ગામના સમસ્ત સત્સંગ સમાજને તન, મન અને ધનથી સેવા કરી તેથી અતિ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ખડે પગે સેવા બજાવી હતી. સભા સંચાલન શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ કર્યું હતું.

(સ્વામી ઋષિકેશપ્રસાદદાસ, ઈસંડ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોખાસણનો પાટોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ ગાદીના તાબાના મોખાસણ શ્રીસ્વામિનારાયણ મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર આગળ વિશાળ ચોકમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી પ.ભ. રમણલાલ ઈશ્વરદાસ પટેલના સંકલ્પથી તેમના ચિ. પુત્ર મહેશકુમાર (અમેરિકા) તરફથી બંસીપુર પથ્થરમાં કંડારેલી માણકી ઘોડી ઉપર અસવાર શ્રીજી મહારાજની પ્રતિકૃતિનો ઉદ્‌ઘાટન સમારોહ તથા બન્ને મંદિરના પાટોત્સવ મહાસુદ-૧૩ તા. ૫-૨-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયા.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૩-૨-૧૨ થી તા. ૫-૨-૧૨ પર્યન્ત શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય ત્રિદિનાત્મક પારાયણ સ.ગુ.શા.સ્વામી નારાયણવલ્લભદાસજી (વનડગર મંદિર મહંતશ્રી) તથા સ.ગુ. શા.સ્વામી વિશ્વપ્રકાશદાસજી (વડનગર મંદિર કોઠારી)એ વ્યાસાસને બિરાજી સુમધુર શૈલીમાં કથામૃતપાન કરાવ્યું હતું.

કથા પ્રારંભ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થયો હતો. તેઓશ્રીએ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કથા પ્રસંગ દરમ્યાન પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. તા. ૫-૨-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે દેદિપ્યમાન શોભાયાત્રા યોજવામાં આવી હતી. શોભાયાત્રા મંદિરે પહોંચી હતી. જ્યાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ભાઈઓ અને બહેનોના મંદિરમાં ઠાકોરજીના પાટોત્સવ અને અન્નકૂટની આરતી ઉતારી હતી. ત્યારબાદ સભામાં પધાર્યા હતા. સભામાં શ્રી રમણલાલ ઈશ્વરદાસ, શ્રી ગોવિંદભાઈ ઈશ્વરદાસ કોઠારી ભગવતભાઈ ઈશ્વરદાસ, શ્રી શૈલેષકુમાર (અમેરિકા), જીગરકુમાર, વિરલકુમાર, ધવલકુમાર તથા માજી કોઠારી ગોવિંદભાઈ, શ્રી રસિકભાઈ અંબાલાલ, શ્રી સોમાભાઈ ત્રિભોવનદાસ (અમેરિકા) આદિ હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું ફુલહારથી પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

સ.ગુ.શા. સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંતશ્રી કાલુપુર મંદિર) શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી (વડનગર) સ.ગુ. શા.સ્વા. આનંદજીવનદાસજી તથા શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીના પ્રેરક પ્રવચનબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (મહંત શા. નારાયણવલ્લભદાસજી, વડનગર)

**પ્રસાદીભૂત મોટેરા ગામે શ્રી શિક્ષાપત્રી ભાષ્ય નવાન્હ પારાયણ (રાત્રીય) તથા ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી પ્રસાદીભૂત મોટેરા ગામે શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય નવાન્હ (રાત્રીય) પારાયણ તથા ભવ્ય શાકોત્સવ સ.ગુ.શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી સ.ગુ.શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે તા. ૨૪-૧૨-૧૧ થી તા. ૧-૧-૧૨ પર્યન્ત ધામધૂમથી ઉજવાયા.

પ.ભ. રમણલાલ મણીલાલ પટેલ, હ. પિયુષભાઈ તથા મનુભાઈ (મોટેરા)ના મુખ્ય યજમાનપદે પારાયણનું આયોજન થયું હતું. પારાયણ દરમ્યાન પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપગાદીવાળાશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને

પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. એમ સમસ્ત ધર્મકુળના દર્શન આશીર્વાદ લઈ મોટેરા ગામ ધન્ય બન્યું હતું. આ પ્રસંગે અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારાયણઘાટ મહંતશ્રી દેવ સ્વામી, બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી આદિ ધામો ધામના સંતોએ પધારી પોતાની અમૃતવાણીનો લાભ આપેલ.

કથા શ્રવણમાં અને શાકોત્સવમાં ૭૦૦૦ ભાવિક ભક્તોએ લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણાત્મક હતી. સમગ્ર સંચાલન સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ શોભાવ્યું હતું.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, મોટેરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નાથદ્વારા (રાજસ્થાન)માં દશાબ્દી મહોત્સવ ઉજવાયો**

રાજસ્થાનની પવિત્ર અને ડુંગરાળ ભૂમિ વૈષ્ણવનગરી શ્રીનાથજીમાં શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા વયોવૃધ્ધ સ.ગુ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજીની પ્રેરણાથી અને મહંત સ.ગુ. સ્વામી ધર્મસ્વરૂપદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર નાથદ્વારાનો દશાબ્દી મહોત્સવ ખૂબજ ધામધૂમ અને દબાદબા પૂર્વક ઉજવાયો.

આ મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પંચાન્હ પારાયણ તા. ૨૮-૧-૧૨ થી તા. ૧-૨-૧૨ પર્યન્ત સ.ગુ. શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (નારણપુરા મહંતશ્રી) અને શા. ઋષિકેશ સ્વામીના સહિંતાપાઠના વક્તાપદે વિધિવત સંપન્ન થઈ હતી. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક અને અન્નકૂટ આરતી ધામધૂમથી થયા હતા. પ.પૂ. મોટા મહરાજશ્રીએ ત્રિદિનાત્મક હરિયાગ અને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારીને સર્વે ભક્તજનોને દર્શનનો મહાલાભ આપ્યો હતો.

પ્રાસંગિક સભામાં ધામોધામથી પધારેલા પૂજનીય સંતોએ અમૃતવાણીનો લાભ આપ્યો હતો. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ યજમાન પરિવાર અને સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. આ પ્રસંગનું સભા સંચાલન શા.સ્વા. વાસુદેવચરણદાસજીએ કર્યું હતું.

ધામોધામથી પધારેલા સંતોમાં સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી, સ.ગુ. બળદેવ સ્વામી, મુકુંદ સ્વામી, વિશ્વપ્રકાશ સ્વામી, નિલકંઠ સ્વામી, સ્વયંપ્રકાશ સ્વામી, શ્રીજી સ્વામી, આનંદ સ્વામી, કુંજવિહારી સ્વામી, નરેન્દ્ર ભગત, ગોવિંદ ભગત, જીતુ ભગત, ભરતભાઈ, ગોપીચંદ, જયદિપ અને વિક્રમ આદિ સંત-પાર્ષદો અને હરિભક્તોએ સુંદર સેવા બજાવી હતી. (શા. વિવેકસાગરદાસ, નાથદ્વારા)

**ભીમપુરા ગામના મંદિરનો ચતુર્થ પાટોત્સવ અને પંચદિનાત્મક જ્ઞાનયજ્ઞ ધામધૂમથી ઉજવાયા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ.શા. પી.પી. સ્વામી (મહંતશ્રી નારાયણઘાટ)ની પ્રેરણાથી તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ભીમપુરા અને સમસ્ત ગ્રામજનોની સેવા સહયોગથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વિરાજમાન રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજનો ૪ થો વાર્ષિક પાટોત્સવ અને તેના ઉપલક્ષમાં શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી તથા સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તા પદે તા. ૨-૨-૧૨ થી તા. ૬-૨-૧૨ પર્યન્ત વિધિવત રીત ઉજવાયા.

સતત પાંચ દિવસ ગામ અને બહારગામના શ્રધ્ધાળુ ભક્તોએ કથા શ્રવણનો લાભ લઈ ધન્ય ભાગી બન્યા હતા. તા. ૬-૨-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ગામમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી નિજ મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સ્કુલમાં વૃક્ષારોપણ કરવા પધાર્યા હતા. ત્યાંથી સભામાં પધારીને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. અહીંયા નૂતન બાળ સત્સંગ મંડળના જોડાયેલા અને બાળ સત્સંગની પરીક્ષા આપનાર બાળકોને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પ્રોત્સાહિત ઈનામ આપી આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. પ્રાસંગિક સભામાં સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (અમદાવાદ મંદિર મહંતશ્રી) તથા બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી તથા શા.સ્વા. આનંદજીવનદાસજી તથા શા.સ્વા. સૂર્યપ્રકાશદાસજી આદિ સંત મંડળે આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

(બાબુભાઈ દલસંગભાઈ ચૌધરી ભીમપુરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વ્યાસ પાલડી બીજો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર વ્યાસ પાલડીનો બીજો વાર્ષિક પાટોત્સવ તા. ૧૫-૨-૧૨ ના રોજ ધામ ધૂમપૂર્વક ઉજવાયો.

સમસ્ત ગામના હરિભક્તોના સેવા સહકારથી ભવ્ય આયોજન થયું હતું.

આ પ્રસંગે ત્રિદિનાત્મક રાત્રીય કથા સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તા પદે થઈ હતી. જેમાં ગામના ભક્તો કથાનો લાભ લઈ ખૂબજ રાજી થયા હતા. પાટોત્સવના દિને સંતોના સાનિધ્યમાં ઠાકોરજી સમક્ષ અન્નકૂટોત્સવ થયો હતો. જેમાં અમદાદ મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વા. સૂર્યપ્રકાશદાસજી, સ.ગુ. દેવ સ્વામી અને સ.ગુ.શા. પી.પી. સ્વામી આદિ સંત મંડળે શ્રીહરિના લીલા પ્રસંગોને યાદ કરી આશીર્વાદ આપ્યા હતા. સભા સંચાલન સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર)એ કર્યું હતું

(બાબુભાઈ વ્યાસ પાલડી)

**બારેજા શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

જેતલપુરધામ શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની છત્ર છાયાના બારેજા ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની

આજ્ઞા-આશીર્વાદથી અને જેતલપુરધામના મહંત સ.ગુ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા કે.પી. સ્વામીના આયોજનથી પૂજ્ય પી.પી. સ્વામીએ ૧૦૦ વર્ષ જૂના મંદિરને જીર્ણોધ્ધાર કરાવી ભવ્ય મંદિરનું નિર્માણ કરાવ્યું. મંદિર પૂર્ણ થતા તા. ૧૫-૨-૧૨ થી તા. ૧૭-૨-૧૨ પર્યન્ત મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ત્રિદિનાત્મક પારાયણ સ.ગુ.શા.સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુરધામ)ના વક્તા પદે સંગીતના સૂર સાથે દશક્રોઈ વિસ્તારના હરિભક્તોને કથામાં રસ તરબોળ કર્યા હતા. કથાના યજમાન મહિલા મંડળ બારેજાએ લાભ લીધો હતો. અને અન્ય સેવાના પણ ઘણા યજમાનો બન્યા હતા.

તા. ૧૪-૨-૧૨ થી તા. ૧૭-૨-૧૨ પર્યન્ત ત્રિદિનાત્મક વિષ્ણુયાગ અ.નિ. પ.ભ. રાવ સાહેબ પરિવારના પ.ભ. યોગીનભાઈ અને પ.ભ. મયુરભાઈના યજમાન પદે વિધિવત સંપન્ન થયો હતો. આ પ્રસંગે બહેનોના આગ્રહ ભર્યા આમંત્રણથી સૌ પ્રથમ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. તા. ૧૭-૨-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ભવ્ય શોભાયાત્રાના રૂપમાં સ્વાગત સામૈયુ કરવામાં આવ્યું હતું. સંગેમરમરની અલૌકિક મૂર્તિઓ શ્રી નરનારાયણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી નીલકંઠવર્ણી અને શ્રી હનુમાનજી, ગણપતીજીની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી સંપન્ન થઈ હતી. ત્યારબાદ યજ્ઞની પૂર્ણાહુતિ કરીને અન્નકૂટ આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા.

સભામાં કથાની પૂર્ણાહુતિ કરીને યજમાન પરિવાર અને ઉત્સવમાં નાની મોટી સેવા કરનાર યજમાનશ્રીઓનું સન્માન કરી રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે અમદાવાદ, જેતલપુર, મૂળી, છપૈયાધામ, જમીયતપુરા, કાંકરિયા, મહેસાણા, ચરાડવા, કલોલ અને જયપુર આદિ ધામોથી સંતો પધાર્યા હતા અને પોતાની અમૃતવાણીનો લાભ આપેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શ્રી રેવતી બળદેવજી મહારાજ અને શ્રી નરનારાયણદેવ પ્રત્યે વિશેષ નિષ્ઠા વધે તેવા આશીર્વાદ આપ્યા હતા. મંદિર નિર્માણ કર્તા પૂજ્ય સ.ગુ.શા. પી.પી. સ્વામી (જેતલપુરધામ) ઉપર ખૂબજ રાજી થઈ હાર પહેરાવ્યો હતો .અને અત્રે મંદિરના કોઠારી તરીકે પ.ભ. મયુરભાઈ પટેલ અને પ.ભ. રશ્મિનભાઈ પટેલને નિયુક્ત કરી રાજીપાનો હાર પહેરાવ્યો હતો. સ્વયંસેવકોની સેવાને બિરદાવવામાં આવી હતી. આમ દશકોશીના ગામોના હજારો ભક્તજનોએ મહામૂલો લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું.

(મહંત કે.પી. સ્વામી, જેતલપુરધામ)

**વડથલ મંદિરનો પંચમ પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી વડથલ ગામ મંદિરનો તા. ૩૦-૧-૧૨ ના રોજ પંચમ પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગે જેતલપુરધામથી પૂ. સ.ગુ. શા.પી.પી. સ્વામી, શા. ઘનશ્યામ સ્વામી (માણસા મહંત) અને શા. ભક્તિનંદનદાસજી આદિ સંત મંડળ સાથે પધારી ઠાકોરજીનો અભિષેક અને અન્નકૂટ આરતી કરીને સભામાં શા. ભક્તિનંદન સ્વામીએ કથાનું રસપાન કરાવ્યું હતું. ત્યારબાદ પૂ. પી.પી. સ્વામીએ શ્રીહરિની સર્વોપરિતા અને ધર્મકુળનો દૃઢ આશરો આ બે વસ્તુ જીવનમાં કાયમ રાખશો તો સુખી થશો તેવા આશીર્વાદ આપ્યા હતા. ૫૦૦ જેટલા ભાવિક ભક્તોએ ઠાકોરજીના દર્શન, સંતોની અમૃતવાણીનો લાભ લઈ પ્રસાદ ગ્રહણ કરી ખૂબજ ધન્ય ધન્ય બન્યા હતા.

(શા. ભક્તિનંદનદાસ, કોઠારી હરિકૃષ્ણભાઈ)

**કુબડથલ મંદિરનો પંચમ પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂજ્ય શા. સ્વામી પી.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી પ.ભ. કનુભાઈ મંગળદાસ પટેલ (કુબડથલ) પરિવારના યજમાનપદે શ્રી સ્વામિનારાયણ મંદિર કુબડથલનો પંચમ પાટોત્સવ તા. ૧૬-૨-૧૨ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામના મહંત કે.પી. સ્વામી, શા.સ્વા. હરિપ્રકાશદાસજી (ચરાડવા) અને સ.ગુ. શા.સ્વા. અખિલેશ્વરદાસજી આદિ સંતોએ ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક કરી અન્નકૂટ ધરાવી આરતી ઉતારી હતી. ત્યારબાદ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને ધર્મકુળનું મહિમા માહાત્મ્ય કહ્યું હતું. ગામના તમામ હરિભક્તોએ દર્શનનો લાભ લઈ ખૂબજ રાજી થયા હતા.

(શા. ભક્તિનંદનદાસ જેતલપુરધામ)

**ધરિયાવદ (રાજ.) મંદિરનો સપ્તમ પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા છપૈયાધામના મહંત બ્ર. સ્વામી વાસુદેવાનંદજીની પ્રેરણાથી ધરિયાવદ મંદિરનો ૭ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨-૨-૧૨ થી તા. ૪-૨-૧૨ સુધી પ.ભ. અર્જુનસિંહ પવારના યજમાનપદે મારૂતિ યજ્ઞનું આયોજન થયું હતું.

